*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**





# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


## ૐ ભગવાનની વાણીનો પડકાર ૐ

વસ્તુમાં અધિકરણ નામનો ગુણ છે, તેના આધારે વસ્તુ ટકી રહી છે, અન્યના આધારે નથી. આત્મા શરીરના આધારે નથી રહ્યો, શરીર પાટના (–ખુરશીના) આધારે રહ્યું નથી. પાટ જમીનના આધારે રહી નથી. એક રજકણ બીજા રજકણના આધારે રહ્યું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા–કર્મ–કરણ કે આધાર નથી. સાંભળજો ભાઈ! આ ભગવાનની વાણીનો પડકાર છે. આત્મવસ્તુ ચમત્કારીક ચીજ છે, એવી આત્માનો વિશ્વાસ....વિશ્વાસ...વિશ્વાસ આવવો જોઈએ, 'વિશ્વાસે વહાણ તરે છે'. પાણીના આધારે વહાણ તરતું નથી, વહાણ વહાણના આધારે તરે છે. આવી વસ્તુની સ્થિતિ છે. આત્મા વિશ્વનો પ્રકાશક છે. વિશ્વ એટલે અનંત પદાર્થો, એ અનંત પદાર્થોની અસ્તિ પોત પોતાથી જ ભિન્ન–ભિન્ન અસ્તિત્વરૂપે રહી શકે છે. જો એક પદાર્થ બીજા પદાર્થના આધારે રહે તો અનંત પદાર્થોની અસ્તિ સિદ્ધ થઈ શકે નહી. બીજા સંયોગી દ્રવ્યથી જોવું એ તો સંયોગદ્રષ્ટિ છે. વસ્તુના ચમત્કારીક સ્વભાવથી જોવું તે સ્વભાવદ્રષ્ટિ છે. ચૈતન્યવસ્તુનો સ્વભાવ તો ચમત્કારીક છે જ, પણ દરેક પદાર્થનો સ્વભાવ પણ ચમત્કારી છે.

(પૂજ્ય ગુરુદેવશ્રી, રાત્રિચર્ચામાંથી)


તંત્રી : **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર**

વીર સં. ૨૫૦૪, ફેબ્રુઆરી (લવાજમ છ રૂપિયા) વર્ષ ૩૫ઃ અંક ૩

# બહેનશ્રીનાં વચનામૃત

* ગુણભેદ પર દૃષ્ટિ કરતાં વિકલ્પ જ ઉત્પન્ન થાય છે, નિર્વિકલ્પતા–સમરસતા થતી નથી. એક ચૈતન્યને સામાન્યપણે ગ્રહણ કર; તેમાં મુક્તિનો માર્ગ પ્રગટ થશે. જુદું જુદું ગ્રહણ કરવાથી અશાંતિ ઉત્પન્ન થશે.

* ગમે તેવા સંયોગમાં આત્મા પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે.

* નિરાલંબન ચાલવું તે વસ્તુનો સ્વભાવ છે. તું કોઈના આશ્રય વિના ચૈતન્યમાં ચાલ્યો જા. આત્મા સદા એકલો જ છે, પોતે સ્વયંભૂ છે. મુનિઓના મનની ગતિ નિરાલંબન છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિરાલંબન ચાલ પ્રગટ થઈ તેને કોઈ રોકવાવાળું નથી.

* જેવું કારણ આપે તેવું કાર્ય થાય. ભવ્ય જીવને નિષ્કલંક પરમાત્માનું ધ્યાન કરતાં મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માનું ધ્યાન કરે તેને શુદ્ધતા મળે.

* ગુરુની વાણીથી જેનું હૃદય ભેદાઈ ગયું છે અને જેને આત્માની લગની લાગી છે, તેનું ચિત્ત બીજે ક્યાંય ચોંટતું નથી. તેને એક પરમાત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી.

* પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાંતિ આવવી જોઈએ તે આવતી નથી. અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભૂત છે, તેના આશ્રયે રમતાં સાચી શાંતિ પ્રગટે છે.

* આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છેઃ–જાગ રે ભાઈ ! જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડયો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો ઊતરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ.

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર જુઓ )

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૫
અંક ૩




વીર સંવત્
૨૫૦૪
A. D. 1978
February

# અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી

આ ગાથા અનેક શાસ્ત્રોમાં છે, સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ તથા ધવલના બીજા ભાગમાં છે, નાના દ્રવ્યસંગ્રહમાં પણ છે.

આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતના ગુણમયપણું છે. રાગ ને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચૈતનાગુણમયપણું છે. જાણન શક્તિ-ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે.

ભગવાન આત્મા જાણન જાણન સ્વભાવી છે, રાગથી ને પરથી ભિન્ન પાડવાનું તે સાધન છે. પરંતુ જેમ હાથી પડસા ને ચૂરમું ભેગા કરીને ખાય છે તેમ અજ્ઞાની આનંદકંદ આત્માને સીધો ન અનુભવતાં રાગને ભેળવીને તેને અનુભવે છે. અતીન્દ્રિય આનંદનો

**પિંડ પ્રભુ છે તેને રાગથી ભિન્ન પાડીને અનુભવવો જોઈએ. જ્યાં સુધી રાગથી ભિન્ન અનુભવદશા પ્રગટ ન કરે ત્યાં સુધી કૂતરાં-કાગડાં આદિ ભવ કર્યા કરે છે.**

**ચેતના ચેતના ચેતના જેનો અપરિમિત સ્વભાવ છે, તેના સાધન વડે રાગાદિ પરથી ભિન્ન આત્માને અનુભવી શકાય છે. રાગથી ભિન્ન જ્ઞાનમય આત્માને ભિન્ન પાડવાનું સાધન શુભરાગ ત્રણકાળમાં નથી-એમ કહીને પછી અલિંગગ્રહણના બોલ શરૂ કર્યા છે.**

( શ્રી પ્રવચનસાર ગાથા-૧૭૨, અલિંગગ્રહણના બોલ ૧ તથા ૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

કેવો છે આત્મા ?–કે શરીરાદિથી ભિન્ન જુદી ચીજ છે. તેનાથી જુદો જાણવાનું લક્ષણ શું ?–એવો શિષ્યનો પ્રશ્ન છે. શરીરાદિથી આત્મા જુદો છે તો જે લક્ષણ એનામાં જ હોય ને બીજામાં ન હોય એવું તેને જાણવાનું અસાધારણ લક્ષણ શું ? એવો શિષ્યનો પ્રશ્ન છે. જેને જાણીને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, ધર્મ થાય તેને જાણવાનું અસાધારણ લક્ષણ શું ?

તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હું તને તે કહું છું તે પ્રમાણે તેને જાણ.

છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

'અલિંગગ્રાહ્ય' એમ કહેવું છે છતાં શબ્દ અલિંગગ્રહણ કેમ વાપર્યો ?–કે તે શબ્દમાંથી ઘણા અર્થો ઉત્પન્ન થાય છે તેથી તે શબ્દ વાપર્યો છે. કહેવું છે એમ કે લિંગ દ્વારા જણાય નહીં એવો છે છતાં અલિંગગ્રહણ કહેવાનું કારણ તે શબ્દમાંથી ઘણા અર્થનું પ્રતિપાદન થાય છે, ઘણા અર્થો તેમાંથી નીકળે છે તેથી તે શબ્દ વાપર્યો છે. હવે તેનો અર્થ કહે છે:–

આ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર છે એટલે આત્મા કેવી રીતે જાણે ને કેવી રીતે જણાય તે કહેવા માટે અહીં અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે.

અહીં મુદ્દાની વાત કરી છે, બહુ સમજવા જેવી વાત છે. સંસારના બધા ડહાપણ કર્યાં પણ સર્વજ્ઞે કહેલો આત્મા શું છે ?–તે જાણ્યું નથી. અહીં જ્ઞેય અધિકાર તે

સમ્યગ્દર્શનનો અધિકાર છે તેથી સમ્યગ્દર્શનમાં આત્મા કેમ જણાય ને સમ્યગ્દર્શનમાં આત્મા કેમ જાણે તે અહીં કહે છે.

ગ્રાહક (–જ્ઞાયક) એવો જેને લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૧.

ગ્રાહક જાણનાર જાણનાર જ્ઞાયક એવા જેને લિંગો એટલે કે ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. જ્ઞાયક એવા ભગવાન આત્મા ને ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. આ તો ભગવાનના કાયદા છે, અતીન્દ્રિય આનંદના પુંજ પ્રભુને જાણવાનું કાર્ય કઈ રીતે થાય અને તેનું જાણવું કઈ રીતે થાય એ અનંતકાળમાં કદી જાણ્યું નથી. પુણ્ય–પાપના ભાવમાં પુણ્ય ઠીક છે ને પાપ અઠીક છે એમ જે ભેદ પાડે છે તે ઘોર સંસારમા રખડે છે તેમ પ્રવચનસારની ગાથા ૭૭ માં કહ્યું છે ને તે જ વાત પરમાત્મપ્રકાશની બીજા અધિકારની ગાથા ૫૫ માં કહી છે. પરમાર્થની અપેક્ષાએ તો પુણ્ય પાપના ભાવ બન્ને બંધના કારણ છે તેથી તેમાં તફાવત નથી –એમ જે નથી માનતો તે ઘોર સંસારમાં રખડે છે.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઇન્દ્રિયો વડે જાણવાનું થતું નથી, ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ–ઇન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઇન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી. ઇન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે. શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે જ્ઞાનને આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે–એમ જે જાણવું થયું તે ઇન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી.

જ્ઞાયક સ્વરૂપ ભગવાનને ઇન્દ્રિય દ્વારા જાણવું છે જ નહીં. ભગવાન એમ ફરમાવે છે કે જેને ઇન્દ્રિય દ્વારા જાણવાનું થાય તે આત્મા નથી. શાસ્ત્ર સાંભળીને જ્ઞાન થાય તે પર્યાયના પોતાના ઉપાદાનથી થયું છે, શ્રવણથી થયું નથી, છતાં ઇન્દ્રિય દ્વારા જ્ઞાન થયું છે તેથી તેને આત્મા કહેતાં નથી. જે જ્ઞાયક વસ્તુ છે, જાણનારો છે તે લિંગો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નથી. પરમેશ્વરના જ્ઞાનમાં જે આવ્યુ તે કહ્યું; તેમાં આ કહ્યું કે જે જાણનારો છે તે ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં.

ગ્રાહક એટલે જાણનારો, ગ્રાહક એટલે જ્ઞાયક, તેને લિંગો વડે–ઇન્દ્રિયો વડે જાણવું જે માને છે તે દૃષ્ટિ મિથ્યાત્વ છે અને તેનું ફળ ૮૪ ના અવતાર છે. જાણનારો જે ત્રિકાળી

જ્ઞાતા–દ્રષ્ટા છે તેને જે પકડે છે તે જડ–ઇન્દ્રિય, ભાવ–ઇન્દ્રિય અને તેના વિષયને જીતે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. દ્રવ્ય–ઇન્દ્રિય ભાવ–ઇન્દ્રિય અને તેના વિષયનું લક્ષ છોડીને તેનાથી અધિક જે જ્ઞાયક છે તેમાં એકાગ્ર થાય છે તેને સમકિતી જિન કહે છે.

જેને જીતવું છે એવા લિંગો વડે આત્માને જાણવું થાય તે આત્મા નહીં. જેને છોડવા છે, જેને જીતવા છે એવા લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. જાણનારો એવો ભગવાન ઇન્દ્રિયો વડે જાણવાનું કાર્ય કરતો નથી. સાંભળીને, વાંચીને શાસ્ત્રનું જ્ઞાન ઇન્દ્રિયથી થયું, તે જાણવું તે આત્માનું નથી. ઇન્દ્રિયો વડે જાણે છે તે જ્ઞાયક નહીં કારણકે જ્ઞાયકસ્વરૂપ તો પોતે છે તેને ઇન્દ્રિયોથી જાણવું થાય તો જ્ઞાયક રહ્યો ક્યાં ?

નહીં જાણનારના આશ્રયે કામ લ્યે તે જાણનારો નહીં. પરમાત્માની દિવ્યધ્વનિમાં આ આવ્યું કે તું જાણનારો પ્રભુ છો ને ! જાણવાના સ્વભાવવાળો છો ને ! તો જે નહીં જાણનારા એવા લિંગો વડે જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. તત્ત્વાર્થસૂત્રમાં ઇન્દ્રિય ને મનના નિમિત્તે મતિજ્ઞાન કહ્યું છે. પણ ત્યાં વ્યવહારથી કહ્યું છે. મોક્ષમાર્ગમાં કહ્યું છે કે જેમ–જેમ શાસ્ત્રનું વિશેષ જ્ઞાન થાય તેમ તે બળવાન થાય છે પણ તે પરલક્ષી જ્ઞાનની અપેક્ષાએ કહ્યું છે.

ગ્રાહક એટલે ગ્રહનારો એટલે કે જાણનારો. જાણનારમાં નથી એવી ચીજ દ્વારા જાણવાનું કાર્ય કરે તે આત્મા નહીં. કાન વડે સાંભળવાનુ થાય છે, આંખ વડે સાક્ષાત્ ભગવાનના દર્શન થાય છે પણ એ ઇન્દ્રિય જ્ઞાન છે. એ જ્ઞાયકનું જ્ઞાન નથી. જાણનારો જ્ઞાયક એવો જે ભગવાન આત્મા તેને લિંગો અર્થાત્ બીજી ચીજોથી જાણવું થતું નથી. જાણવાના સ્વભાવથી ભરેલી પરિપૂર્ણ વસ્તુ છે પણ તેની તને ખબર નથી ને પર્યાયમાં તારી રમત–દ્રષ્ટિ છે. તેની સમીપમાં પ્રભુ પડયો છે કે જેની પ્રભુતા એવી છે કે તેને ઇન્દ્રિયથી જાણવું થતું નથી. ઇન્દ્રિયથી જ્ઞાન થાય તે આત્માનું નહીં એટલે કે તેને આત્માનું જ્ઞાન કહેતા નથી.

જ્ઞાનનો સાગર છે, જ્ઞાનથી ભરેલો ભગવાન છે તેને ઇન્દ્રિયથી જાણવું થતું નથી, જાણનારને જડથી જાણવું કેમ થાય ? જાણનારો ભગવાન ચૈતન્યથી ભરેલો આત્મા છે તેને જડ ઇન્દ્રિયોથી જાણવું કેમ થાય ? જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાળા ભગવાન આત્માને ઇન્દ્રિયો વડે જાણવું થાય તેને આત્મા કહીયે નહીં. અતીન્દ્રિય જ્ઞાનમય ભગવાન આત્માને અતીન્દ્રિય જ્ઞાન વડે જાણવું થાય.

જ્ઞાનના સ્વભાવથી ભરેલો જ્ઞાયક ઇન્દ્રિયો વડે કામ લ્યે તે આત્મા નહીં. ગજબ કામ કર્યું છે ને! સંતોએ ગર્જના કરીને જગાડયા છે કે જાગરે જાગ નાથ! ઇન્દ્રિયોથી જાણવું થાય તે સૂઈ ગયો છે, તેને અહીં જગાડે છે કે તારી જ્ઞાનજ્યોતિ ને જગાડ, અતીન્દ્રિયજ્ઞાનથી તું કામ લે. અરે! આવો મનુષ્યભવ મળ્યો છે ને આ કામ નહીં કરી લે તો ૮૪ ના અવતાર ક્યારે ટળશે?

ઇન્દ્રિયો નિમિત્ત છે ને!–તેથી નિમિત્ત વડે જાણવું કરે તે આત્મા નહીં, અતીન્દ્રિય વડે જાણવાનું કરે તે આત્મા છે. સર્વજ્ઞ સ્વભાવી તું છો, સ્વસંવેદન પ્રકાશમાં આવી શકે એવો તું છો. આ તો તીર્થંકરદેવના કહેણ છે, તેને તું સ્વીકાર. પ્રભુના કહેણ એમ છે કે જ્ઞાયક એવા જેને અણ–ઇન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય તેને આત્મા કહે છે, કેમ કે ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનથી ભરચક ભરેલો છે, તે જ્યારે પર્યાયમાં જાણવાનું કાર્ય કરે છે ત્યારે અતીન્દ્રિય જ્ઞાનથી જાણવાનું કાર્ય કરે છે.

જેને એટલે કે આત્માને લિંગ દ્વારા–ઇન્દ્રિય દ્વારા જાણવું થતું નથી તેથી આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, અખંડજ્ઞાનમય છે, એટલે કે પર દ્વારા જાણવું છે એમ છે જ નહીં. તત્ત્વાર્થસૂત્રમાં જે કહ્યું છે તે પરને જાણવાની અપેક્ષાએ કહ્યું છે. જાણનારો અખંડ જ્ઞાનમય વસ્તુ છે તેથી અખંડજ્ઞાન દ્વારા તેને જાણે તેને સમ્યગ્જ્ઞાન કહે છે.

અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે તે ઇન્દ્રિયજ્ઞાનમય નથી. ઇન્દ્રિય દ્વારા જાણવું તે ખંડ–ખંડ જ્ઞાન છે, તે આત્મા નથી, અણાત્મા છે. આત્મા તો અતીન્દ્રિયજ્ઞાનમય છે. મન ને ઇન્દ્રિયોનો સંબંધ છોડી દઈને પોતે પોતાના લક્ષે પોતાનું જાણવું કરે ત્યારે તેને સમ્યગ્જ્ઞાન કહેવાય, ત્યારે તેના જન્મ–મરણનો અંત આવે. ઇન્દ્રિયથી જાણવું થાય તે ખંડ–ખંડ જ્ઞાન છે, તે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા નથી. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન થાય તે અતીન્દ્રિયજ્ઞાન નહીં, તે ખંડ–ખંડ જ્ઞાન છે.

અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે, ઇન્દ્રિયજ્ઞાનમય નથી. ઇન્દ્રિયોથી શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા તે જ્ઞાન, અતીન્દ્રિયજ્ઞાન નહીં, તે આત્મજ્ઞાન નહીં, તે તો ખંડ–ખંડ જ્ઞાન છે. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન પરસત્તા અવલંબી જ્ઞાન છે, તે બંધનું કારણ છે. અહીં પરમાત્મા એમ ફરમાવે છે કે પ્રભુ! એકવાર સાંભળ, આત્માને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય છે, ઇન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય તે આત્મા નહીં.

લિંગથી જાણતો નથી એટલે કે અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કાર્ય કરે છે. જ્યાં પ્રભુ બિરાજી રહ્યો છે તે અતીન્દ્રિયજ્ઞાનમય છે તેથી ખંડ–ખંડ જ્ઞાન તે આત્મજ્ઞાનમય નથી,

તેથી તેમાં આત્માની શાંતિ ન આવે. ભગવાનની વાણી સીધી સાંભળે, તે જ્ઞાન ભલે વાણીથી ન થાય પણ પોતાની યોગ્યતાથી થાય, પણ તે જ્ઞાન ખંડ–ખંડ જ્ઞાન છે, પ્રભુ તો અતીન્દ્રિયજ્ઞાનમય છે, તે ઇન્દ્રિયજ્ઞાનમય નથી. આત્મા એવી અતીન્દ્રિય ચીજ છે કે તે પોતે અતીન્દ્રિયજ્ઞાનથી જ જાણવાનું કાર્ય કરે છે. તેથી તેને ઇન્દ્રિયજ્ઞાન સાધન થાય ને કેવળજ્ઞાન પ્રગટે એમ નથી. ઇન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢયા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી.

ઇન્દ્રિયનું લક્ષ છોડી દઈને, ભાવ–ઇન્દ્રિયનું લક્ષ છોડી દઈને અણ–ઇન્દ્રિયજ્ઞાનથી કામ લે તેને આત્મા કહે છે. આત્મા અતીન્દ્રિયજ્ઞાનમય છે તેથી તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણવાનું કામ લ્યે છે. આત્મા જડ ઇન્દ્રિયોને અડે તો નહીં પણ ઇન્દ્રિયના નિમિત્તે જાણવાનું કરે તે જ્ઞાન પણ આત્મા નહીં. અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું કરે તે આત્મા છે. એ રીતે ઇન્દ્રિયથી જેને જાણવું થતું નથી એટલે કે અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા છે એવો અર્થ સિદ્ધ થયો.

ગ્રાહ્ય (જણાવાયોગ્ય) એવા જેનું, લિંગો વડે એટલે કે ઇન્દ્રિયો વડે ગ્રહણ (–જાણવું) થતું નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. ૨.

જણાવાયોગ્ય આત્માનું ઇન્દ્રિય વડ જાણવું થતું નથી. બીજી રીતે ઇન્દ્રિયથી જેનું જ્ઞાન થાય તેનાથી આત્માનું જ્ઞાન થતું નથી. જણાવાયોગ્ય આત્મા ઇન્દ્રિયજ્ઞાનથી પોતાને જાણી શકતો નથી. સમ્યગ્જ્ઞાનમાં જણાવાયોગ્ય એવો ભગવાન આત્મા ઇન્દ્રિય દ્વારા જણાય એવો નથી. ઇન્દ્રિય દ્વારા જે જ્ઞાન થયું તેનાથી જણાવાયોગ્ય આત્મા નથી. જણાવા લાયક એવા આત્માનું લિંગો વડે જાણવું થતું નથી એટલ કે ઇન્દ્રિય વડે જે જાણવું થયું છે તેનાથી જણાવા લાયક આત્માનું જાણવું થતું નથી.

આત્મા જણાવાયોગ્ય છે પણ તે ઇન્દ્રિયથી જણાવાયોગ્ય નથી. ઇન્દ્રિયોથી જે જાણવું થાય તેનાથી જણાવાયોગ્ય આત્મા નથી. ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન તે ઇન્દ્રિયજ્ઞાન છે, તે અનંતવાર થયું છે પણ તેનાથી આત્મા જણાવાયોગ્ય નથી. જો તે જ્ઞાનથી એટલે કે ૧૧ અંગ ને ૯ પૂર્વના જ્ઞાનથી આત્મા જણાવાયોગ્ય હોય તો ૧૧ અંગ ને ૯ પૂર્વનું જ્ઞાન તો અનંતવાર થયું છે.

જ્ઞાનમાં જ્ઞેય થવાને લાયક એવા આત્માનું લિંગોથી એટલે કે શાસ્ત્રના જ્ઞાનથી જાણવું થતું નથી. જેટલું ઇન્દ્રિયથી જ્ઞાન થાય તેનાથી ભગવાન જણાવા લાયક નથી. તેનો સ્વભાવ જ એવો છે કે ઇન્દ્રિયજ્ઞાનથી જણાવા લાયક નથી. ઇન્દ્રિયોથી શાસ્ત્રજ્ઞાન થયું

તેનાથી આત્મા જણાવાયોગ્ય નથી. અબજો શ્લોકો જેને કંઠસ્થ હોય, પાણીના પૂરની પેઠે સ્વાધ્યાય કરે પણ તેનાથી આત્મા જણાય એવો નથી.

ગજબ વાત છે ને! અલિંગગ્રાહ્ય કહેવું છે એટલે કે લિંગ દ્વારા જણાવાયોગ્ય નથી એટલું કહેવું છે છતાં અલિંગગ્રાહ્યને બદલે અલિંગગ્રહણ શબ્દ વાપર્યો છે, કેમ કે તેમાંથી અપાર અર્થ નીકળે છે, તેમાંથી અહીં ૨૦ અર્થ કહ્યાં છે. મુનિરાજ જગતને જાહેર કરે છે કે પ્રભુ! ઇન્દ્રિયો દ્વારા જણાવાયોગ્ય તું નથી, તારું સ્વરૂપ એવું નથી કે તું ઇન્દ્રિયો દ્વારા થયેલા જ્ઞાનથી જણાય.

પહેલાં બોલમાં લિંગો વડે જેને જાણવું થતું નથી ને બીજા બોલમાં લિંગો વડે જેનું જાણવું થતું નથી એમ કહ્યું છે.

આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી. ઇન્દ્રિયપ્રત્યક્ષથી જે જ્ઞાન થયું તે જ્ઞાનનો એ વિષય નથી. અતીન્દ્રિયજ્ઞાનયમ ભગવાન ઇન્દ્રિયજ્ઞાનથી જણાય એવો નથી ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય એવું જે જ્ઞાન તેનો વિષય આત્મા નથી. ઇન્દ્રિયો વડે જેનું ગ્રહણ થતું નથી, જે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવો ભગવાન આત્મા છે.

જેણે અરિહંતદેવના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા તે આત્માને જાણે એમ જે કહ્યું ત્યાં એવો આત્મા લીધો છે કે અરહિંતના દ્રવ્ય–ગુણ–પર્યાય જાણીને ત્યાંથી લક્ષ છોડીને અંદરમાં સ્વસન્મુખ થયો છે. અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણ્યા ને જાણીને છોડી દે છે. પાઠમાં એમ છે કે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને મન દ્વારા જાણ્યા ને પછી છોડી દે છે ત્યારે આત્માને જાણે છે.

ઇન્દ્રિયો વડે જેનું જ્ઞાન થતું નથી એવો આત્મા છે. પાંચ ઇન્દ્રિયો દ્વારા સાંભળીને, વાંચીને જે જ્ઞાન થાય એ જ્ઞાન દ્વારા પણ જેને જાણી શકાતો નથી એવો આત્મા તે અલિંગગ્રહણ છે. અજ્ઞાની એમ કહે છે કે વ્રત–તપ–ભક્તિ વડે આત્મા જણાય છે. ભગવાન અહીં કહે છે કે ઇન્દ્રિય વડે થયેલા જ્ઞાન દ્વારા આત્મા જણાય–પ્રતીતિમાં આવે એવો નથી.

નિયમસારની બીજી ગાથામાં કહ્યું છે કે આત્માનું સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે પરમનિરપેક્ષ છે, પરથી અપેક્ષા વિના છે. અહીં પણ એ જ કહ્યું કે આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ તે શાસ્ત્રજ્ઞાનથી–વ્યવહારજ્ઞાનથી જણાય એવી નથી, કેમ કે એ તો અતીન્દ્રિયજ્ઞાનયમ વસ્તુ છે. તેથી તે અતીન્દ્રિયજ્ઞાનની પર્યાય દ્વારા જણાય એવી છે અને તે અતીન્દ્રિયજ્ઞાનથી જાણનારો છે.

આહાહા! નરકમાં જીવ અનંતવાર ગયો છે, ૩૩ સાગરની સ્થિતિએ રહ્યો છે. તેની

એકક્ષણનું દુઃખ કરોડો જીભથી કરે તોપણ તેનું વર્ણન ન થઈ શકે. અરે! તેના દુઃખનું વેદન એટલું છે કે વેદનાની રાડથી હાથી ને સિંહના કાળજા ફાટી જાય. પ્રભુ! મિથ્યાત્વના કારણે તેં આવા દુઃખો સહન કર્યાં છે, આત્માના જ્ઞાન વિના એવા દુઃખો સહન કર્યાં છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ છે તેને દેખ્યા વિના–ઓળખ્યા વિના બહારની રમણી ચીજોમાં આકર્ષાઈ ગયો તેથી દુઃખી છો, માટે હવે સ્વ–દ્રવ્યનું જ્ઞાન કર. એ સ્વદ્રવ્યનું સ્વરૂપ અહીં સમજાવે છે.

કરોડો શ્લોકો કંઠસ્થ કર્યાં હોય તોપણ તેનાથી આત્મા જણાય એવો નથી. વ્યવહાર જ્ઞાનથી કે દેવ–ગુરુ–શાસ્ત્રની વ્યવહાર શ્રદ્ધાથી કે પંચમહાવ્રતાદિથી આત્મા જણાય એવો નથી. એ રીતે ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય આત્મા નથી. હજારો શાસ્ત્રો ધારણામાં લીધા પણ એ તો ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય છે, તેનાથી આત્મા જણાય એવો નથી, કેમ કે તું તો અતીન્દ્રિયજ્ઞાનમય છો તેથી ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય એવો નથી, અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય એવો છો. પ્રભુ! તું ઇન્દ્રિયજ્ઞાનથી જણાય એવો છો જ નહીં. ગ્રાહ્ય આત્મા ઇન્દ્રિય દ્વારા જણાવા યોગ્ય નથી.

આ રીતે આત્મા ઇન્દ્રિયપ્રત્યક્ષનો વિષય નથી એવા અર્થની સિદ્ધિ થઈ.

## * જેને આવ્યો હાથ અતીન્દ્રિય આનંદનો નાથ *

અહો! અતીન્દ્રિય આનંદનો નાથ મારે હાથ આવ્યો, અતીન્દ્રિય આનંદની ભરતી આવી, અતીન્દ્રિય આનંદમાં રહેનારો હું એવા મને અન્ય પરિગ્રહથી શું કામ છે? અતીન્દ્રિય આનંદના વેદન પાસે શુભરાગના દુઃખનું મારે શું કામ છે? દયા–દાન–વ્રતાદિના બાહ્ય વિકલ્પોથી મારે શું કામ છે? આ જીવ છે, આ જડ છે, આ વ્રતાદિના વિકલ્પો છે, આ ગુણભેદ છે–એવા વિકલ્પોનું મારે શું કામ છે? મારા દુઃખનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એ જ મારી કાર્યસિદ્ધિ છે. શુદ્ધ જીવવસ્તુનો અનુભવ એ ચૈતન્ય ચિંતામણિરત્ન છે, એની પ્રાપ્તિ થયા પછી અન્ય વિકલ્પાદિ પરિગ્રહથી મારે શું કામ છે? એમ સમ્યગ્દૃષ્ટિ અંદરમાં દેખે છે.

## રાગ અને આત્માને ભિન્ન ભિન્ન કરતી

# ભગવતી પ્રજ્ઞાછીણી

**અહીં આચાર્યદેવે બહુ સરસ રીતે વિસ્તારથી ભેદજ્ઞાનની વાત કહી છે. અજ્ઞાનપણામાં સ્થૂળપણે આત્મા અને રાગ એકરૂપ દેખાતા હોવા છતાં રાગ ને આત્મા વચ્ચે સૂક્ષ્મ અંતઃસંધિ છે, તે બન્ને નિઃસંધિ થયા જ નથી. જો કે વર્તમાનમાં અશુદ્ધ પરિણામ જીવની સાથે એકપરિણમનરૂપ છે તેથી તેમને ભિન્ન ભિન્ન અનુભવવા કઠણ છે, તોપણ અશક્ય નથી, કેમ કે આત્મા ચૈતનાભૂમિમાત્ર વસ્તુ હોવાથી અને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ કર્મના ઉદયની ઉપાધિ હોવાથી-જીવનો સ્વભાવગુણ ન હોવાથી તેઓ પરસ્પર ભિન છે. તેથી તીક્ષ્ણ પ્રજ્ઞાછીણીને એટલે કે જ્ઞાનને સૂક્ષ્મ કરીને તે બે વચ્ચેની સૂક્ષ્મ સંધિમાં પ્રજ્ઞાછીણી મારવાથી જ્ઞાન ચૈતન્યપૂરમાં ભળીને આનંદને સાધે છે તથા દુઃખરૂપ રાગ જુદો પડી જાય છે.**

**એ રીતે અનાદિ કાળમાં નહીં કરેલું સર્વોત્કૃષ્ટ કાર્ય-ભેદજ્ઞાન એક સમયમાત્રમાં થાય છે.**

**( શ્રી કળશટીકા, કળશ-૧૮૧, પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાંથી )**

## મોક્ષ એટલે શું અને તેનું કારણ કોણ ?

આ તો અમૃતના વેણલાની વાતો છે. દ્રવ્ય સ્વરૂપ તો ત્રિકાળ મુક્ત છે પણ તેની એક સમયની પર્યાય રાગમાં અટકી છે તેથી તેટલું પર્યાયમાં દુઃખ છે. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન ધ્રુવ એ તો છે તે છે પણ પર્યાયમાં–એક સમયની દશામાં બંધનો–રાગનો સંબંધ અનાદિથી ચાલ્યો આવે છે, તે સંબંધ જ્યારે છૂટી જાય ને શુદ્ધ દ્રવ્ય જ્યારે પર્યાયમાં શુદ્ધપણે પરિણમે, અનંત ચતુષ્ટયપણે ધ્રુવ છે તે પર્યાયમાં અનંત ચતુષ્ટયપણે પરિણમે ને

કર્મની પર્યાયને પુદ્‌ગલ છોડે તેને મોક્ષ કહે છે.

જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમન તે પુદ્‌ગલની પર્યાય છે, તેને પુદ્‌ગલ છોડે ને જીવ તથા પુદ્‌ગલ બન્ને સર્વથા ભિન્ન થઈ જાય તે મોક્ષ છે. સમ્યગ્દર્શનમાં અબંધદશા પ્રગટે છે, અબંધસ્વરૂપનાં શ્રદ્ધા–જ્ઞાન છે પણ પર્યાયમાં મુક્તિ નથી. જીવ પુદ્‌ગલ બન્ને ભિન્ન ભિન્ન થઈ જાય તે મોક્ષ છે. તે મોક્ષનું કારણ કોણ ?–કે અશુદ્ધ પરિણમનનો નાશ ને શુદ્ધતાની પરિણતિ. શુદ્ધત્વ પરિણમન તે સર્વથા સકલકર્મને નાશ કરવાનું કારણ છે. શુદ્ધતત્ત્વ પરિણમન છે તે શુદ્ધ દ્રવ્યનું જ પરિણમન છે, કર્મનો અભાવ થયો માટે શુદ્ધ પરિણમન છે તેમ નથી.

ભેદ વિજ્ઞાન થઈને સ્વરૂપની પ્રાપ્તિ થવી તે નિર્વિકલ્પ છે. પર્યાય નિર્વિકલ્પ છે, રાગના–અભાવ–સ્વભાવ સ્વરૂપ છે તેથી નિર્વિકલ્પ દશા વચનદ્વારા કહેવાનું સમર્થપણું નથી. સીધું વચન દ્વારા કહી શકાય તેવું નથી તેથી તેને એવી રીતે કહેવાય છે કે જીવને શુદ્ધ સ્વરૂપે જ્ઞાનગુણ પરિણમાવે છે તે મોક્ષનું કારણ છે.

## આત્મા-અનુભવ સર્વથા શુદ્ધ પરિણમન સહિત છે

શુદ્ધ સ્વરૂપનો અનુભવ થવો, ચૈતન્ય નિર્મળાનંદની સન્મુખ થઈને આનંદનું વેદન થવું, અનંતગુણોનો વર્તમાનમાં પર્યાયમાં અનુભવ થવો તે મોક્ષનો માર્ગ છે. દયા –દાન–વ્રત–તપાદિ રાગ છે, તે મોક્ષનો માર્ગ નથી. શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે શુદ્ધત્વ પરિણમનથી સહિત છે. શુદ્ધ સ્વરૂપને અનુભવીને આનંદનું વેદન થવું તે શુદ્ધ પરિણમનથી સહિત છે. એમ કહીને કહ્યું છે કે શુદ્ધ સ્વરૂપનો જે અનુભવ તે અશુદ્ધ પરિણમનથી રહિત છે.

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ કરવો તે સર્વથા શુદ્ધ પરિણમનથી સહિત છે અને તે મોક્ષનો માર્ગ છે. શુદ્ધ સ્વરૂપનો અનુભવ કથંચિત્ અશુદ્ધ પરિણમનથી સહિત છે તેમ નથી એટલે કે વ્યવહારરત્નત્રયના રાગ સહિત છે તેમ નથી. તેથી તેનાથી ભિન્ન બતાવવા શુદ્ધ સ્વરૂપનો અનુભવ સર્વથા શુદ્ધ પરિણમન સહિત છે એમ કહ્યું.

સત્ સાહિબો ચૈતન્યપ્રભુ એ તો આનંદકંદ પ્રભુ છે, તેનો અનુભવ છે તે સર્વથા શુદ્ધ પરિણમન સહિત છે ને અશુદ્ધ પરિણમનથી સર્વથા રહિત છે. શુદ્ધ પરિણમનથી સહિત જ અનુભવ હોય, કિંચિત્ પણ વ્યવહારરત્નત્રયના રાગની સહાયતા અનુભવમાં છે જ નહીં. આવો વિકલ્પ સહિત પ્રથમ નિર્ણય કરવો જોઈએ, છતાં વિકલ્પ સહિતનો નિર્ણય તે મોક્ષમાર્ગ નથી હો !

શુદ્ધ સ્વભાવને અનુસરીને જે શુદ્ધપણાનું પરિણમન થવું તે સર્વથા શુદ્ધ પરિણામ છે, તેમાં કિંચિંત્ પણ અશુદ્ધતા નથી. વ્યવહાર કરતાં કરતાં થાય કે દયા–દાન–ભક્તિ–પૂજા–કે કરોડોના મંદિર બનાવવાથી હળવે હળવે મોક્ષમાર્ગ થાય તેમ સર્વથા નથી જ. સમાજને કેમ લાગશે કે કેમ રહેશે તેનું શું કામ છે?–અહીં તો જે છે તે વાત સંતોએ એકદમ ખૂલ્લી મૂકી દીધી છે કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે સર્વથા શુદ્ધતા સહિત છે, કિંચિત્માત્ર પણ તે અશુદ્ધતા સહિત નથી. વ્યવહારરત્નત્રયના પરિણમનથી મોક્ષનો માર્ગ નિરપેક્ષ છે.

'ચરણાનુસારી દ્રવ્યમ્'–એમ શ્રી પ્રવચનસારમાં કહ્યું તેનો અર્થ રાગ ઓછો તેટલી શુદ્ધતા વધુ–તેમ બતાવવું છે, પણ રાગ ઓછો છે તેના લઈને તે શુદ્ધતા વધુ છે તેમ છે જ નહીં. આ તો ભગવાનની વાણી છે, પૂર્વાપર વિરોધ રહિત છે. જેને રાગ મંદ છે તેને શુદ્ધતા વિશેષ છે એમ ચરણાનુયોગ અધિકારમાં જ્ઞાન કરાવ્યું છે. વ્યવહાર એટલો હોય તેના લઈને શુદ્ધતા હોય તેમ છે જ નહીં. પણ રાગ મંદ છે ત્યાં શુદ્ધતા વધુ છે તેમ જ્ઞાન કરાવ્યું છે, શુદ્ધતા હોય તેને રાગ તીવ્ર ન હોય એટલું જ્ઞાન કરાવ્યું છે.

## શુદ્ધત્ત્વપરિણમન હોય તેને શુદ્ધ સ્વરૂપનો અનુભવ અવશ્ય હોય

અહીં તો કહે છે કે પરના લક્ષે જે રાગ થાય તે સર્વથા અશુદ્ધ છે, તેમાં જરીયે શુદ્ધતા નથી ને શુદ્ધતામાં જરીયે અશુદ્ધતા નથી. જેને શુદ્ધત્વનું પરિણમન હોય છે તેને શુદ્ધ સ્વરૂપનો અનુભવ જરૂર હોય છે. ઉપર એમ કહ્યું કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોય તેને શુદ્ધ પરિણમન હોય, હવે કહે છે કે જેને શુદ્ધત્વ–પરિણમન હોય તેને શુદ્ધ સ્વરૂપનો અનુભવ જરૂર હોય છે. કોઈ કહે કે અમને અનુભવ છે પણ શુદ્ધ પરિણમન નથી અથવા તો શુદ્ધ પરિણમન છે પણ અનુભવ નથી તો તે તદ્દન જૂઠી વાત છે.

જેને ચિદ્ઘન આનંદસ્વરૂપનો અનુભવ છે તેને તે અનુભવ સર્વથા શુદ્ધ પરિણમન સહિત છે. અશુદ્ધતા હો પણ તે ભિન્ન છે. અને જેને શુદ્ધત્વપરિણમન છે તેને અનુભવ છે, તેમાં સંદેહ નથી. અન્યથા અનુભવ બિલકુલ નથી એટલે કે એકલા દયા–દાન–વ્રત–ભક્તિના પરિણામ છે તેને અનુભવ બિલકુલ નથી, તેથી તે મોક્ષનું કારણ નથી, પણ શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે મોક્ષનું કારણ છે. પૂર્ણ શુદ્ધતા ન હોય ત્યાં સુધી જે અશુદ્ધતા છે તે મોક્ષનું કારણ સર્વથા નથી, તે તો બંધનું કારણ છે. સાધકને બંધનું કારણ એવો વિકલ્પ–વ્યવહારનો વિકલ્પ હોય છે પણ તે બિલકુલ મોક્ષનું કારણ નથી. શુદ્ધ સ્વરૂપનો અનુભવ તે મોક્ષનું કારણ છે.

## મોક્ષનું કારણ : સ્વરૂપ અનુભવસમર્થ પ્રજ્ઞાછીણી

કોઈ કહે છે કે જીવનું સ્વરૂપ ને બંધનું સ્વરૂપ જાણી લેવું અથવા તો 'બંધ ક્યારે છૂટશે, કઈ રીતે છૂટશે' એમ ચિંતવન કરવું તે મોક્ષમાર્ગ છે, પણ તે તો ધારણ છે, તે મોક્ષમાર્ગ નથી. મોક્ષનું કારણ જે છે તે કહે છે કે આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવપણે પરિણમેલો જ્ઞાનગુણ તે પ્રજ્ઞાછીણી છે. અનુભવ કરવો તે પ્રજ્ઞાછીણી છે. જીવ ને વિકાર બંનેને બે કરવા માટે–ભિન્ન કરવા માટે સ્વરૂપ–અનુભવસમર્થ જ્ઞાનછીણી છે. તે સિવાય અન્ય કોઈ કારણ નથી. વ્યવહારરત્નત્રયનો રાગ, દયા–દાન આદિ ખૂબ કરે પણ તે મોક્ષનું કારણ નથી. કોઈને પણ રાગની મંદતા કરતાં કરતાં સમ્યગ્દર્શન થયું નથી ને કોઈને પણ થશે નહીં.

એક તરફ ચેતનામાત્ર ભગવાન ને બીજી તરફ દયા–દાન–આદિ અશુદ્ધ પરિણામ તે બેને પ્રજ્ઞાછીણી ભિન્ન કરે છે. સંવર–અધિકારમાં આવી ગયું છે કે બે વસ્તુ એક નથી, શુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામ બે એક નથી, બન્નેના પ્રદેશ ભિન્ન છે, બે વચ્ચે સંધિ છે, બે એક નથી. જેમ કર્મના રજકણો એકક્ષેત્રે રહેવા છતાં ભિન્ન છે તેમ અશુદ્ધ પરિણામનું ક્ષેત્ર ભિન્ન છે.

ભગવાન આત્મા ચેતનામાત્ર વસ્તુ ને કર્મપિંડ અથવા મોહ–રાગાદિ અશુદ્ધ પરિણતિ ભિન્ન છે, કેમ કે ઉપયોગ અંદર વાળતાં અશુદ્ધતાનું ક્ષેત્ર ને ભાવ ભિન્ન રહી જાય છે. ઉપયોગને અંદર વાળતાં તેના ક્ષેત્રમાં અશુદ્ધતાનું ક્ષેત્ર આવતું નથી. અશુદ્ધ પરિણામનો અંશ બહાર રહી જાય છે તેથી તેનું ક્ષેત્ર પણ બહાર રહી જાય છે. અશુદ્ધતા છે તો અસંખ્ય પ્રદેશમાં પણ શુદ્ધ ઉપયોગના ક્ષેત્રથી ભિન્ન તેનું ક્ષેત્ર છે. જેમ શુદ્ધ ઉપયોગ અંદર વાળતાં અશુદ્ધતાનો ભાવ બહાર રહી જાય છે તેમ તેનું ક્ષેત્ર પણ બહાર રહી જાય છે. એક બાજુ આત્મા ને બીજી બાજુ કર્મ તથા વિકારી ભાવકર્મ એ ભિન્ન ભિન્ન છે, બેના ભાવ જુદા, ક્ષેત્ર જુદું ને તેનું ફળ જુદું છે, વિકારનું વેદન દુઃખરૂપ છે.

## કઈ રીતે બન્નેને ભિન્ન કરે છે તે કહે છે

પર તરફના લક્ષે થતાં વિકારી પરિણામો ને આત્મા બે છે તેને પ્રજ્ઞાછીણી વડે કઈ રીતે જુદા કરે છે તેની રીતે કહે છે. એક બાજુ આત્મા ને બીજી બાજુ રાગ તથા કર્મ તે બેને ભિન્ન કરે છે. શુભ ઉપયોગનો ભાવ ને ક્ષેત્ર એ કર્મમાં જાય છે અને આત્મા ચેતનામાત્ર દ્રવ્ય છે. ચેતનામાત્ર કેમ કહ્યો ?–કે ચેતનાનો અંશ પ્રગટ તો છે જ તેથી જાણવું દેખવું જેનું સત્ત્વ છે તે ચેતનામાત્ર છે. કર્મનો પિંડ અચેતનમાત્ર છે તથા મિથ્યાત્વ ભાવ ને રાગાદિ ભાવરૂપ મલિન પર્યાય તે અને આત્મા બે વસ્તુ છે. સંવર

અધિકારમાં પણ આત્મા અને વિકાર બે વસ્તુ છે તેમ કહ્યું છે, કેમ કે આત્મા ચેતનામાત્ર એક વસ્તુ અને વિકાર પુણ્ય–પાપ તત્ત્વરૂપ બીજી વસ્તુ એમ બે વસ્તુ છે.

જો કે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એક ક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. નિત્યતાદાત્મ્યપણે તો નથી પણ અનિત્યતાદામ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે, કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન–દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ આસ્રવતત્ત્વ છે ને આત્મા જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં પણ સપ્તભંગી ઊઠે છે.

એક કોર આતમરામ ને બીજી કોર રાગ. પર્યાયમાં અશુદ્ધપણે પરિણમન છે તોપણ બે વચ્ચે સંધિ છે, કેમ કે જો એક થયા હોય તો ભિન્ન પડે નહીં. માન્યા છે ભલે એક, પણ બે વચ્ચે સંધિ છે. શુભ ઉપયોગ પણ અચેતન જડ તત્ત્વ છે ને ભગવાન આત્મા ચેતન તત્ત્વ છે. બેના ક્ષેત્ર ભિન્ન છે, બે છે માટે એક થયા નથી, બે વચ્ચે સંધિ છે. ત્યાં જ્ઞાનને એકાગ્ર કર. ત્યાં પ્રજ્ઞાછીણી નાખવાથી બન્ને ભિન્ન થઈ જાય છે.

**ચેતનામાત્ર વસ્તુ ને વિકાર વચ્ચે સંધિ હોવાથી બન્ને પરસ્પર ભિન્ન છે.**

ચેતનામાત્ર વસ્તુ ને વિકાર તે બે ભિન્ન છે, બેના ક્ષેત્ર ભિન્ન છે, બે વચ્ચે સંધિ છે, બન્ને પરસ્પર ભિન્ન છે. જિનસ્વરૂપ ને રાગસ્વરૂપ બે વસ્તુ ભિન્ન છે તેથી પરસ્પર સંધિ છે. અરે પ્રભુ! આવો વખત મળ્યો ને આ રીતે ભિન્નતા–ભેદજ્ઞાન કરશે નહીં તો જશે ક્યાં? અરેરે, ભગવાન શુદ્ધચૈતન્યઘન પ્રભુ ને રાગના પરિણામ નિઃસંધિ નથી, ત્રણકાળમાં તે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. જેમ પર્વતના પત્થરોમાં વચ્ચે ઝીણી રગ હોય છે ત્યાં સુરંગ ચાંપે છે તેથી લાખો મણ પત્થર જુદા પડી જાય છે. એ પત્થરો વચ્ચે સંધિ–રગ કોણ કરવા ગયું છે? કુદરતના નિયમમાં છે. તેમ આ ભગવાન આત્મા ને રાગ બે વચ્ચે સંધિ છે. જેમ પર્વતના પત્થરો નિઃસંધિ થયા નથી તેમ જ્ઞાનની ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા ને રાગ અજીવ બે નિઃસંધિ થયા નથી.

આ શ્લોક જ ઊંચો છે, ભાગ્યવાન હોય તેને તો કાને પડે એવી આ વાત છે. બધા આત્મામાં શુભરાગ ને આત્મા જુદા છે. જુદા છે તેથી જુદા પડી શકે છે. રાગ ને આત્મા બે વચ્ચે સંધિ છે ત્યાં જ્ઞાનની છીણી મારે તો બે જુદા પડી જાય છે. રાગથી ભિન્ન રહેલો છે તેને રાગથી ભિન્ન પાડવો છે. બે દ્રવ્યો છે તે એક દ્રવ્ય થયું નથી. રાગને પણ પરદ્રવ્ય કહ્યું છે કેમકે પોતાના સ્વભાવથી ભિન્ન જાત છે. નિયમસારમાં નિર્મળ

પરિણતિને પરદ્રવ્ય કહ્યું કેમકે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય આવતી નથી તેમ નિર્મળ પર્યાયમાંથી નવી પર્યાય આવતી નથી માટે ત્યાં પરદ્રવ્ય કહ્યું છે.

ભાઈ! તારા ઘરની મોટપ તેં સાંભળી નથી. તારી મોટપ તેં સાંભળી નથી. તારી મે ટપથી રાગ ભિન્ન વસ્તુ છે. ભાઈ! મિથ્યાત્વના ફળમાં માથે અનંતા ભવ લટકે છે અને બે ભિન્ન છે તેને ભિન્ન પાડતાં અનંતા–આનંદની તૈયારી થઈ જાય છે. અહો! દિગમ્બર સંતોની શું શૈલી છે! બીજા સાથે સમન્વય શી રીતે થાય?

મહાવ્રતનો શુભ રાગ હો પણ તે રાગ ને આત્મા એક થયા નથી. બે ભિન્ન દ્રવ્ય છે. રાગ ને ભગવાન બે ભિન્ન દ્રવ્ય છે માટે ત્યાં સંધિ છે, તેથી જ્ઞાનની પર્યાયને સ્વમાં વાળી શકાય છે. જ્ઞાન ને રાગ બે ભિન્ન છે તેથી બે વચ્ચે સંધિ છે તથી પ્રજ્ઞાછીણીનું તે સ્થાન છે, તેમાં પ્રજ્ઞાછીણી પેસે છે.

હવે કહે છે કે એ પ્રજ્ઞાછીણી કેવી છે?–કે તીખી છે એટલે કે શુદ્ધ ચૈતન્યમાં પેસવાને સમર્થ છે, તેથી રાગથી ભિન્ન પાડવાનું પ્રજ્ઞાછીણીનું સામર્થ્ય છે. તીક્ષ્ણ પ્રજ્ઞાછીણી રાગને ને આત્માને જુદા કરી નાખે છે અને તેનું નામ ધર્મની શરૂઆત છે.

## જ્યાં સંધિ છે ત્યાં પ્રજ્ઞાછીણી પેસાડવાથી બન્ને ભિન્ન પડે છે

જેવી રીતે ઊંચા પ્રકારના લોખંડની અતિ તીક્ષ્ણ છીણી હોય તોપણ જેમાં સંધિ હોય ત્યાં મારવાથી બે ટુકડા જુદા થાય. તેવી રીતે જેણે રાગના ભાવથી ભિન્ન નિત્ય સ્વભાવ ભાવ જાણ્યો છે એવા સમ્યગ્દ્રષ્ટિ જીવનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ અંદરમાં આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ ને રાગ વિકારસ્વરૂપ તે બેની વચ્ચમાં સંધિ છે અર્થાત્ જ્યાં જ્ઞાન છે ત્યાં રાગ છે પણ જ્ઞાનની પર્યાયને રાગમાં ન જોડતાં સ્વભાવમાં જોડે ત્યારે અંદરમાં રાગની ભિન્નતા થાય છે.

સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન અતિ સૂક્ષ્મ છે તોપણ રાગ ને સ્વભાવ બે વચ્ચે સંધિ છે તેમાં જ્ઞાનની પર્યાયનો પ્રવેશ કરતાં પ્રથમ બુદ્ધિગમ્ય ભિન્નતા કરે છે. રાગને ને સ્વભાવને ખ્યાલમાં આવે એ રીતે બેને પ્રથમ છેદે. બુદ્ધિગમ્ય છેદ કરે એટલે ખ્યાલમાં આવે એ રીતે બેની ભિન્નતા કરે. સમ્યગ્દર્શન પામવાની ને સમ્યગ્દર્શનને રાખવાના માર્ગની આ વાત છે. આ વાત પ્રથમ સાંભળે, સાંભળીને વિચારે ને પછી પ્રયત્ન તો કરે.

રાગ ભિન્ન ને સ્વભાવ ભિન્ન એમ ખ્યાલમાં આવે એ રીતે સમ્યગ્દ્રષ્ટિ જીવ બેને જુદા પાડે. બુદ્ધિગમ્ય છેદ કરીને તેનો અર્થ એ કે એક સમયની પર્યાય પકડીને પ્રથમ છેદ કરી શકાતો નથી, કામ થાય છે ભલે એક સમયમાં, પણ અસંખ્ય સમયનો ઉપયોગ

ખ્યાલમાં આવે છે તેથી પ્રથમ બુદ્ધિગમ્ય છેદ કરે છે. બુદ્ધિગમ્ય કહેતાં બેની ભિન્નતા બુદ્ધિથી જાણી શકાય છે માટે તારા જ્ઞાનમાં ગમ્ય થઈ શકે એ રીતે તો પ્રથમ તું તેને જુદા પાડ.

## પ્રજ્ઞાછીણી વડે પ્રથમ બન્નેની બુદ્ધિગમ્ય ભિન્નતા કરીને પછી સાક્ષાત્ ભિન્ન ભિન્ન કરે છે.

પ્રથમ તો ખ્યાલમાં આવી શકે એ રીતે રાગ ને આત્મા પાડ. પ્રભુ! તારામાં તાકાત ભરી છે. આત્મા જ્ઞાનસ્વરૂપ ને રાગ વિકારસ્વરૂપ છે તે બેને બુદ્ધિપૂર્વક તો પ્રથમ ભિન્ન પાડ! દયા–દાન–વ્રત–તપના પરિણામ તો રાગ છે, ધર્મ છે જ નહીં. એ રાગ આત્મા સાથે કદી એક થયા નથી તેથી તને ખ્યાલમાં આવી શકે એ રીતે બેને જુદા પાડ પછી ?–પછી પણ સૂક્ષ્મ રીતે બેને જુદા પાડીને એટલે કે પ્રથમ બુદ્ધિપૂર્વક રાગને ને આત્માને ભિન્ન પાડીને પછી સાક્ષાત ભિન્ન પાડવા અર્થાત પછી પોતાના ચૈતન્યધામમાં પૂરેપૂરો ઢળી ગયો ને રાગનો અબુદ્ધિપૂર્વકનો પણ અંશ રહ્યો નહીં તેને સાક્ષાત્ ભિન્ન કહે છે.

અહો! આ તો મીઠી મધુરી વાત છે. કળશ–ટીકાની વીણા વાગે છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! અહીં બે પ્રકાર કહ્યાં. રાગાદિ આત્માથી એક નથી, જુદા છે, તેથી પ્રથમ બેને બુદ્ધિગોચરપણે જુદા કર. આ જાણનાર ને આકુળતાજન્ય રાગ તેમ બેને પ્રથમ બુદ્ધિગમ્ય જુદા પાડીને પછી બેને જુદા પાડતા–સાક્ષાત્ જુદા પાડતાં કેવળજ્ઞાન થાય છે.

અહો! ધન્યભાગ્ય કે આવો માર્ગ શાસ્ત્રમાં રહી ગયો. ભગવાને જે કહ્યું એ જ આ વાત છે રાગ સાથે એક છે જ નહીં, પણ એક છે તેવી માન્યતા છે તે મિથ્યાત્વ છે. તે માન્યતાને પ્રથમ છેદવાથી આનંદનું ચોસલું ચૈતન્યભગવાન ને રાગ ભિન્ન પડી જશે એ રીતે પ્રથમ બુદ્ધિગમ્ય બેને જુદા પાડીને પછી સાક્ષાત્ ભિન્ન કરતાં એટલે ચૈતન્યમાં વિશેષ એકાગ્ર થતાં સકળ કર્મનો ક્ષય થવાથી એકલો પ્રભુ રહે છે.

બુદ્ધિગમ્યમાં ઉપયોગ અસંખ્ય સમયનો છે પણ કામ થાય છે એક સમયમાં. શાંતિથી શ્રવણ કરવું જોઈએ, આ તો એના હિતની વાત છે, એ સિવાય કોઈ શરણ નથી. રાગની તુચ્છતા ને સ્વભાવની મહિમા કરીશ તો આત્મા પ્રગટ થયા વિના નહીં રહે.

## જ્યાં પ્રજ્ઞાછીણી પેસાડવી છે તે સંધિબંધ કેવો છે?

કેવો છે સંધિબંધ ?–કે બેની સંધિનું લક્ષ થવું બહુ જ સૂક્ષ્મ છે. અશક્ય નથી પણ દુર્લક્ષ્ય છે. ભિન્ન પાડવામાં ઘણો જ પુરુષાર્થ છે, ઘણી જ સૂક્ષ્મતાથી ભિન્ન પડી

શકે છે. કેમ કે બે વચ્ચે સંધિ તો છે જ પણ ઘણી સૂક્ષ્મ સંધિ છે તેથી તે લક્ષ્યમાં આવવામાં ઘણો પુરુષાર્થ છે.

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે અને ગમે તે શુભ રાગ હો પણ તે આસ્રવ તત્ત્વ છે. ચેતનતત્ત્વ ને આસ્ત્રવતત્ત્વ એક થયા નથી. અજ્ઞાનીએ બેને એક ભલે માન્યા પણ બે વચ્ચે સંધિ છે, બે વચ્ચે અંતઃસંધિ છે. રાગનો વિકલ્પ ઉઠે તે અને નિર્વિકલ્પ ચૈતન્યસ્વભાવ તે બે વચ્ચે સૂક્ષ્મસંધિ છે. રાગને ને આત્માને અંતરમાં સંધિ બંધ છે. સંધિવાળો બંધ છે પણ એકપણાનો બંધ નથી. તેથી રાગ ને આત્મા એક છે એવું જે માન્યું છે તે મિથ્યાત્વ છે.

## સ્થૂળ ઉપયોગમાં દુર્લક્ષ્ય એવી અંતઃસંધિ સૂક્ષ્મ ઉપયોગથી જાણી શકાય

સમ્યગ્દ્રષ્ટિને જે તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ આવે તે ભાવને અને આત્માને એકપણાનો બંધ નથી, સંધિવાળો બંધ છે એટલે કે બન્ને ભિન્ન છે. જેમ શાસ્ત્રના બે પાનાને જુદાપણે સંબંધ છે તેમ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે તેને ને રાગરૂપ વિકારને જુદારૂપ સંબંધ છે, એકરૂપ સંબંધ નથી. પણ તે સંધિ સૂક્ષ્મ હોવાથી તેને જોવાને ઘણો સૂક્ષ્મ ઉપયોગ જોઈએ છે. જ્ઞાનનો બહુ જ સૂક્ષ્મ ઉપયોગ કરે તો રાગ ને આત્મા વચ્ચેની સંધિ છે તે જણાય, પણ સ્થૂળ ઉપયોગથી તે નજરમાં નહીં આવે કેમ કે સ્થૂળ ઉપયોગમાં તો રાગનો સંબંધ છે. સ્થૂળ ઉપયોગથી જોતાં રાગ અને આત્માની સંધિ દુર્લક્ષ્ય છે, જણાતી નથી.

જ્યાં ભગવાન આત્મા છે તે ક્ષેત્રે એટલે કે આકાશના તે ક્ષેત્રે કર્મના રજકણનો પિંડ છે, તોપણ વિચારશ્રેણીમાં તેની ભિન્નતા તો તેને જણાય, કેમ કે એ તો ભિન્ન ચીજ છે. રજકણો જાય આવે છે એમ વિચાર વડે ભિન્નતાની પ્રતીતિ થાય છે. ભલે આકાશના એક પ્રદેશે આત્મા અને કર્મ સાથે રહ્યાં હોય, તોપણ આત્મા અને કર્મ પરસ્પર સ્પર્શ્યા જ નથી, કર્મના પ્રદેશો આત્માને કદી અડયા જ નથી. એવી રીતે નોકર્મ જે શરીર–વાણી–મનના પરમાણુ છે તે આત્માને અડતાં જ નથી એમ વિચારતાં ભિન્નપણાની પ્રતીતિ ઊપજે છે.

## કઠિન હોવા છતાં રાગ ને આત્માની ભિન્નતાનો અનુભવ થઈ શકે છે.

ભાવકર્મ અર્થાત્ પરદ્રવ્યની સાવધાનીના પરિણામરૂપ મોહ અને રાગ–દ્વેષ એ અશુદ્ધ ચેતનારૂપ પરિણામ છે. એ અશુદ્ધ પરિણામ વર્તમાનમાં જીવની સાથે એક પરિણમનરૂપ છે. દયા–દાન–વ્રત–તપ–ભક્તિ–પૂજા એવો જે વિકલ્પ તે અશુદ્ધ ચેતનારૂપ પરિણામ છે, તે

અશુદ્ધ પરિણામ જીવની સાથે એક પરિણમનરૂપ છે તથા ભગવાન આત્મા વર્તમાનમાં વ્યાપકપણે અશુદ્ધ પરિણામમાં વ્યાપે છે, એટલે કે વર્તમાનમાં જીવ પુણ્યના પરિણામમાં પ્રસરે છે, વ્યાપક થાય છે, કર્તા થાય છે અને પુણ્યના પરિણામ તેનું વ્યાપ્ય–કાર્ય છે–એ રીતે પરિણમે છે. તેથી અશુદ્ધ પરિણામથી જીવની ભિન્નતાનો અનુભવ કઠિન છે, પણ અશક્ય નથી.

શુભભાવ અને ભગવાન આત્માનું વ્યાપ્ય–વ્યાપકપણું, કાર્ય–કારણપણું વર્તમાનમાં છે તેથી તેમને ભિન્ન અનુભવવા કઠિન છે, તોપણ અશક્ય નથી, કેમકે વ્યાપ્ય–વ્યાપકપણું હોવા છતાં રાગ ને આત્મા વચ્ચે સૂક્ષ્મ સંધિ છે, એકપણે થયા નથી.

ચૈતન્ય ભગવાન જ્ઞાન ને આનંદરૂપ છે, તેની સાથે દયા–દાન આદિના પરિણામને વ્યાપ્ય–વ્યાપકપણું છે તોપણ એ બે વચ્ચે સંધિ છે એટલે કે ખરેખર આત્મા રાગપણે પરિણમતો નથી, ભલે સ્થૂળપણે એમ દેખાય કે અશુદ્ધપણે આત્મા પરિણમ્યો છે. વર્તમાનમાં રાગ સાથે જીવને અજ્ઞાનપણે વ્યાપ્ય–વ્યાપકપણું થયું છે તોપણ જ્ઞાનને સૂક્ષ્મ ઉપયોગ વડે રાગથી ભિન્ન કરીને ભેદ પાડતાં ભિન્નપણાની પ્રતીતિ થાય છે.

## વર્તમાનમાં વ્યાપ્ય-વ્યાપકપણું હોવા છતાં બે વચ્ચે એકપણું થયું નથી

વર્તમાન તરીકે અજ્ઞાનભાવે આત્મા રાગ સાથે કર્તા–કર્મપણે પરિણમેલ છે છતાં જ્ઞાન ને રાગની વચ્ચે સંધિ છે, બે એક નથી થયા. અજ્ઞાનમાં વ્યાપ્ય–વ્યાપકપણું –એકપણું માન્યું છે પણ એકપણું થયું નથી. તે રાગ તે આસ્રવ તત્ત્વ છે મલિનતત્ત્વ છે, દુઃખ છે અને આત્મા આનંદરૂપ છે એમ સૂક્ષ્મ સંધિનો ભેદ પાડતાં ભિન્નપણાની પ્રતીત થાય છે. ભગવાન આનંદનો નાથ ને રાગ તો દુઃખરૂપ છે એમ બેને ભિન્ન પાડતાં ભિન્નપણાની પ્રતીતિ થાય છે.

બીજી રીતે કહીએ તો રાગ ને આત્મા ભિન્ન હોવાથી રાગથી આત્મા પ્રાપ્ત થાય નહીં એટલે કે વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય નહીં. શુભરાગ કરતાં કરતાં શુદ્ધ ઉપયોગ ને સમ્યગ્દર્શન થશે એમ તો અજ્ઞાનપણે અનાદિથી તેં માન્યું છે. અહીં કહે છે કે તારી પ્રભુતાની શી વાત! રાગની ભિન્નતા માટે તારે પરની સહાયની બિલકુલ જરૂર નથી, બે વચ્ચે સૂક્ષ્મસંધિ છે, તે સંધિને જોતાં જુદાપણાની પ્રતીતિ થાય છે.

જેવી રીતે સ્ફટિકમણિ સ્વભાવથી સ્વચ્છ વસ્તુ છે. તે લાલ–પીળો સંયોગ પામવાથી પોતાની પર્યાયની યોગ્યતાથી લાલ–પીળાપણે ઝબકે છે. સ્ફટિકમણિ પોતાની પર્યાયમાં લાલ–પીળા આદિપણે ઝબકે છે અને તે કાળે લાલ–પીળી વસ્તુ તેમાં નિમિત્ત છે. છતાં

વર્તમાનમાં સ્ફટિકનું સ્વરૂપ વિચારતાં સ્ફટિકનો કાયમી સ્વભાવ લાલ–પીળો નથી.

તેવી રીતે જીવ–દ્રવ્યનો ચેતનામાત્ર સ્વચ્છ સ્વભાવ છે. પરંતુ અનાદિ સંતાનરૂપ મોહકર્મના ઉદયથી જીવ અશુદ્ધપણે પરિણમે છે. મોહકર્મ તો નિમિત્તમાત્ર છે, મોહકર્મ તો જીવને અડતો નથી, કર્મ તો નિમિત્ત છે. જીવ પોતાની પર્યાયની યોગ્યતાથી રાગ–દ્વેષ –મોહરૂપ પરિણમે છે. મોહકર્મનો ઉદય જીવને અડતો નથી કેમ કે દરેક દ્રવ્ય બીજા દ્રવ્યની પ્રથકતાથી પોતાની સત્તામાં રહ્યાં છે. તેથી બીજા દ્રવ્યથી પોતામાં કાંઈ થતું નથી.

## ચેતનામાત્ર ભૂમિમાંથી ચેતનાની પર્યાયના અંકૂર્ ફૂટે, રાગના અંકૂર ન ફૂટે.

એ રીતે જીવની પર્યાયમાં મોહ–રાગ–દ્વેષની ઝલક ઝલકે છે તોપણ નિજચૈતન્ય સ્વરૂપનો વિચાર કરતાં ચેતના પોતાનું સ્વરૂપ છે. પોતાની ભૂમિ તો ચેતના માત્ર છે, તેથી તે ભૂમિમાંથી ચેતનાની પર્યાયના અંકૂર ફૂટે. જીવની ભૂમિકા તો ચેતના છે, તેનું સ્થળ ચેતનાસ્વરૂપ છે, ચેતના સ્વરૂપમાંથી ચેતનાની પર્યાય થવી જોઈએ, તેથી મોહ –રાગ–દ્વેષરૂપ પરિણમન તે કર્મની ઉપાધિ છે, કેમ કે તે કર્મના–પરના લક્ષે થાય છે. શુદ્ધ ચેતનામાત્ર વસ્તુમાં જે રાગ–દ્વેષ દેખાય છે તે ઉપાધિ ભાવ છે, પરંતુ વસ્તુનો તે સ્વભાવગુણ નથી. ભગવાન આત્મામાં રાગ–દ્વેષ થવો તે સ્વભાવગુણ નથી. આ રીતે વિચારતાં–આ પ્રકારે વિચરતાં બંનેની અનેકતાની પ્રતીતિ ઊપજે છે. અનેકનું અનેકપણું એટલે કે ચૈતન્ય અને રાગ બેની ભિન્નતા વિચારતાં ચેતનામાત્ર ભગવાન છે એમ પ્રતીતિ ઊપજે છે, સમ્યગ્દર્શન થાય છે.

ચેતનાભૂમિમાત્ર ભગવાન ને પર્યાયમાં થયેલો અશુદ્ધ ભાવ તે બેને અનેકપણે –એકપણે નહીં–એમ વિચારતાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે. ચેતનાભૂમિને ને રાગને ભિન્ન કરતાં ચેતનાભૂમિની પ્રતીતિ ભાસે છે. જ્ઞાનની પર્યાય ચેતનાભૂમિમાં ઢળે તે ચેતનાભૂમિને જાણે છે. ચૈતન્યભૂમિ ને રાગનો ભાવ બેને જુદા જાણવા એ આકરો પુરુષાર્થ છે, કઠિન છે, છતાં ચેતનામાત્ર વસ્તુને ને રાગને અનેકપણે વિચારતાં જીવનું એકપણું અનુભવાય છે કે જે અનુભવગમ્ય છે.

## પ્રજ્ઞાછીણી વડે એક સમયમાં રાગ ને આત્માની ભિન્નતા

ત્યારે પ્રશ્ન કરે છે આવી પ્રતીતિ ઊપજતાં કેટલો કાળ લાગે? અર્થાત્ જે પ્રજ્ઞાછીણીની આપે વાત કરી તે કેટલા કાળે પડે છે એટલે કે પ્રજ્ઞાછીણી કેટલા કાળે બેને ભિન્ન ભિન્ન કરે છે? ઉત્તર આમ છે કે એક સમયમાં છૂટો પડે છે. છદ્મસ્થનો ઉપયોગ તો અસંખ્ય કાળનો છે ને એક સમયમાં છૂટો પડી જાય? હા, છૂટો પડવામાં એક સમય થાય ને ખ્યાલમાં આવતાં અસંખ્ય સમય થાય.

અંદરમાં જ્યાં જ્ઞાન ને રાગ એક સમયમાં છૂટા પડયાં ત્યાં જ્ઞાન ને રાગ ભિન્ન–ભિન્ન થઈ જાય છે. છે તો ભિન્ન જ, પણ એક માન્યા હતા તે ભિન્ન થઈ જાય છે. ચૈતન્યનું ક્ષેત્ર ને રાગનું ભિન્ન–ભિન્ન છે, બેના ભાવ ભિન્ન ભિન્ન છે ને બેના ફળ પણ ભિન્ન–ભિન્ન છે. કેવી છે પ્રજ્ઞાછીણી ?–કે આત્માનુભવમાં પ્રવીણ એવા સમ્યગ્દ્રષ્ટિ જીવ વડે અનંતા વીર્ય ને પુરુષાર્થની ઉગ્રતાથી સ્વરૂપમાં પેસાડવાથી પેસે એવી પ્રજ્ઞાછીણી છે.

કેવો છે સમ્યગ્દ્રષ્ટિ જીવ ?–કે જીવને ને કર્મને જુદા–જુદા પાડવામાં સાવધાન છે, પ્રમાદી નથી. ચૈતન્યલક્ષણ આત્માને ને રાગને બેને જુદા પાડવામાં જાગ્રત છે. પ્રજ્ઞાછીણી કેવી છે ?–કે બેને સર્વથા પ્રકારે જુદા કરવા સમર્થ છે. કર્મ તો જડ છે, જુદા જ છે પણ રાગ અને ચૈતન્યલક્ષણ આત્મા તે બેને પ્રજ્ઞાછીણી જુદા કરે છે. સર્વથા ભિન્ન કરવા પ્રજ્ઞાછીણી સમર્થ છે.

કેવી રીતે ભિન્ન ભિન્ન કરે છે ?–કે સ્વ–પરગ્રાહક લક્ષણ ચૈતન્યપ્રકાશ છે તે ચૈતન્યને જાણીને ને રાગને જાણીને ભિન્ન ભિન્ન રાખે છે. સ્વ–પરગ્રાહક એવો જ્ઞાનપ્રકાશ સ્વને જાણે છે ને પરને જાણે છે પણ પરને જાણીને જુદો રાખે છે. ચૈતન્યલક્ષણ વડે તેને લક્ષિત કરતાં ધ્રુવના પૂર ઉપર લક્ષ જાય છે.

સ્વ–પરગ્રાહક પ્રકાશ ગુણ વડે ધ્રુવમાં એકત્વ કરે છે એટલે કે તેના તરફ ઢળે છે. ત્રિકાળ છે છે છે એવી ચૈતન્યલક્ષણ એક ધ્રુવ વસ્તુ છે તેમાં એકત્વ કરે છે. જ્ઞાનની પર્યાય રાગ તરફ ઢળતી તે બેપણું હતું, તે જ્ઞાનની પર્યાયને ધ્રુવ તરફ વાળતાં જીવદ્રવ્યને એકવસ્તુરૂપ કરે છે. એટલે કે જ્ઞાનની જાણવાની જે પર્યાય તેને ધ્રુવ તરફ વાળીને એક–વસ્તુરૂપ કરે છે એટલે કે સાધે છે.

જાણવાના લક્ષણવાળું જે જ્ઞાન તેને આત્મસ્વભાવના પ્રવાહમાં વાળે છે ત્યારે જ્ઞાનની પર્યાય એમ અનુભવ કરે છે કે શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે અને રાગાદિ ભાવમાં નિયમથી બંધ સ્વભાવ છે. જાણવાના લક્ષણરૂપ જ્ઞાનની પર્યાયને ધ્રુવસ્વભાવમાં અંતર્મગ્ન કરે ને રાગને બંધસ્વભાવ જાણે છે એટલે કે ધ્રુવસ્વભાવમાં મગ્ન થતાં બંધસ્વભાવરૂપ રાગમાં આવતો નથી. અનુભવમાં જ્ઞાનાનંદ આવે છે ને રાગ જુદો રહી જાય છે.

## અસંખ્ય પ્રદેશોમાં એકરૂપ, શાશ્વત, સર્વકાળે શુદ્ધ, સર્વ કાળે પ્રત્યક્ષ આત્મા છે

કેવું છે ચૈતન્યપૂર ?–કે અસંખ્યાત પ્રદેશોમાં એકરૂપ વસ્તુ છે. અસંખ્ય પ્રદેશો

( વિશેષ માટે જુઓ પાનું ૨૪ )

# * આત્મા કેવો છે અને કેમ પ્રાપ્ત થાય *

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત શ્રી પ્રવચનસાર શાસ્ત્રની ૨૭૫ ગાથા ઉપર ટીકા કરીને ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પરિશિષ્ટરૂપે થોડું કહે છે. તેમાં સૌ પ્રથમ જિજ્ઞાસુ શિષ્ય કેવો હોય, તેની જિજ્ઞાસા શું હોય તે કહ્યું છે. શિષ્ય પૂછે છે કે મહારાજ આપે આત્માના ગુણગાન તો બહુ ગાયા કે આત્મા જિનસ્વરૂપ છે, પરમાત્મા સ્વરૂપ છે આદિ, તો એ આત્મા છે કોણ? અને તેની પ્રાપ્તિ કઈ વિધિએ થાય? એટલે કે શિષ્યને એવી જિજ્ઞાસા હોય કે અમને આત્મા કેમ પ્રાપ્ત થાય? અમને કેમ વ્યવહારરત્નત્રય પ્રાપ્ત થાય એમ ન પૂછે પણ અમને આત્મા કેમ પ્રાપ્ત થાય એવી ઝંખના જિજ્ઞાસુને હોય.

આચાર્યદેવ કહે છે કે જો જિજ્ઞાસુ શિષ્ય દ્વારા જિજ્ઞાસા પૂર્વક આવો પ્રશ્ન પૂછવામાં આવે તો તેનો ઉત્તર આગળ કહેવાઈ ગયો છે, તોપણ શિષ્યની જિજ્ઞાસા દેખીને ફરીથી તેને ઉત્તર કહીયે છીએ. આત્મા કેવો છે?-કે આકાશના અનંત પ્રદેશ કરતાં અનંતગુણા ગુણો ને તેની અનંતી પર્યાયોનો અધિષ્ઠાતા આત્મા છે. વિકારી તેમ જ અવિકારી પર્યાયોનો અધિષ્ઠાતા આત્મા છે. વિકારી તેમ જ અવિકારી પર્યાયોનો તથા ગુણોનો સ્વામી આત્મા છે એટલે કે ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત અનંતા ધર્મોનો સ્વામી આત્મા એક દ્રવ્ય છે. તે કઈ રીતે પ્રાપ્ત થાય?-કે એક એક ધર્મને બતાવનાર એક એક નય છે. એવા અનંત નયોનો સમૂહ શ્રુતજ્ઞાન પ્રમાણ છે. તે શ્રુતજ્ઞાન પ્રણામ પૂર્વક સ્વાનુભવ વડે આત્મા પ્રાપ્ત થાય એવો છે. અનંત ધર્મોનો અધિષ્ઠાતા આત્મા છે પણ અનંત ધર્મો વર્ણવી ન શકાય તેથી ૪૭ નય વડે ૪૭ ધર્મો અહીં સમજાવીને પછી છેલ્લે કરુણા પૂર્વક આચાર્ય મહારાજ આદેશ કરે છે કે જગત પણ જ્ઞાનાનંદ પરમાત્માને પ્રાપ્ત કરો જ.

( શ્રી પ્રવચનસાર પરિશિષ્ટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

આપે આત્માની વ્યાખ્યા બહુ કરી, આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ ને જિનસ્વરૂપ આદિ કહ્યો તો મહારાજ આત્મા કોણ છે? એટલે કે કેવો છે?–એમ શિષ્યનો પ્રશ્ન છે. અમને અનુકૂળતા કે પૈસા કેમ થાય એવો પ્રશ્ન નથી પણ પ્રશ્નકારનો પ્રશ્ન એમ છે કે આત્મા છે કોણ?–આટલી તો પ્રશ્નકારની જિજ્ઞાસા છે. જેમ કોઈ માણસ આવે તો પૂછે છે ને!–કે આ કોણ છે? તેમ અહીં શિષ્ય પૂછે છે કે પ્રભુ! આ આત્મા કોણ છે? અને એને પામવાની વિધિ કઈ? આત્મા પ્રાપ્ત કેમ થાય?–એ એક જ વાતની જિજ્ઞાસા છે. શ્રોતાઓ આવા હોય એમ ભૂમિકા કહે છે, ધર્મના શ્રોતાઓ એવા હોય કે એની જિજ્ઞાસામાં આત્મા કેવો હોય ને તે પ્રાપ્ત કેમ થાય–એવી જ જિજ્ઞાસા હોય.

પ્રશ્ન કરનારા ધર્મની જિજ્ઞાસાવાળો કેવો હોય તેની પહેલી ભૂમિકા બાંધી છે. આચાર્ય મહારાજ આ પ્રશ્ન શિષ્યના મુખમાં અહીં મૂકે છે કે આત્મા છે કોણ અને તેને પ્રાપ્ત કરવાની વિધિ શું? આવો પ્રશ્ન કરવામાં આવે તો તેને ઉત્તર દઈએ છીએ એમ આચાર્યદેવ કહે છે, આવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર આખા પ્રવચનસારમાં કહેવાઈ તો ગયો છે, અહીં ફરીથી ઉત્તર કહેવામાં આવે છે. એનો અર્થ એ કે વેઠથી સાંભળવા આવ્યા હોય તેને ઉત્તર આપતા નથી પણ આત્મા કેવો છે ને કઈ વિધિએ પમાય એવી જિજ્ઞાસાથી આવ્યા છે તેને ફરીથી અહીં કહેવામાં આવે છે.

છ દ્રવ્ય કોણ છે એમ શિષ્યે પ્રશ્ન નથી કર્યો પણ આત્મા કોણ છે? એમ મૂળ મુદ્દાનો પ્રશ્ન કર્યો છે. આત્મા કોણ છે? ને કેવી રીતે પ્રાપ્ત થાય? એમ મુદ્દાની રકમનો પ્રશ્ન છે. વ્યવહારરત્નત્રય કેમ પ્રાપ્ત કરી શકાય એમ પ્રશ્ન નથી. છ દ્રવ્ય કેવા છે એમ ન પૂછ્યું, કેમ કે પોતાને જાણતાં પોતાની પર્યાયમાં છ–દ્રવ્ય જણાઈ જાય છે, તેથી જન્મ–મરણના અંત માટે એમ પ્રશ્ન કર્યો છે કે પ્રભુ! આ દેહમાં રહેલો ભગવાન છે કોણ? અને તેને પ્રાપ્ત કેમ કરી શકાય? પરંતુ એમ નથી પૂછ્યું કે અમે પુણ્ય કઈ રીતે કરીએ કે જેથી સ્વર્ગમાં જઈએ, પરંતુ આત્મા કેવો છે ને કઈ વિધિએ પ્રાપ્ત થાય કે જેથી અમને અનુભવ થાય એમ પૂછ્યું છે.

આવો પ્રશ્ન હોય તેનો ઉત્તર કહેવાઈ ગયો છે છતાં ફરીથી કહેવામાં આવે છે. જેને અંતરમાંથી ધગશ લાગી છે કે અરેરે! હું કોણ છું ને એને મેં પ્રાપ્ત ન કર્યો!–તેને અહીં ઉત્તર દેવામાં આવે છે.

અતીન્દ્રિય આનંદનાં ઝૂલે ઝુલતાં આચાર્યદેવ ઉત્તર આપે છે કે :–પ્રથમ તો એટલે કે મુદ્દાની રકમ એ છે કે આત્મા ખરેખર ચૈતન્યસામાન્ય વડે વ્યાપ્ત અનંત ધર્મોનો સ્વામી છે. અનંત ગુણો અને અનંતી પર્યાય તે આત્માના ધર્મો છે. ધર્મો એટલે કે આત્માએ ધારી રાખેલા અનંત ગુણો ને વર્તમાન અનંતી પર્યાયો તે આત્માના અનંતા ધર્મો છે. અનંતા ધર્મોથી વ્યાપ્ત આત્મા છે.

અહીં દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાયની માત્ર વાત નથી એટલે કે એકલી નિર્મળ પર્યાયની વાત નથી. અહીં તો જે પુણ્ય–પાપના ભાવ થાય છે તેનો અધિષ્ઠાતા–સ્વામી આત્મા છે. સમયસારમાં કર્મ–પુદ્ગલને પુણ્ય–પાપનો સ્વામી કહ્યો છે, કેમ કે ત્યાં તો દ્રષ્ટિનો વિષય બતાવ્યો છે. અહીં તો જ્ઞાનપ્રધાન કથન છે તેથી જે જ્ઞાન નિશ્ચયને પણ જાણે ને વર્તમાન પર્યાયને પણ જાણે એવા શ્રુતજ્ઞાન પ્રમાણની અહીં વાત છે. શરીર કે કર્મની કોઈ પર્યાય આત્મામાં વ્યાપ્ત નથી, એ જડમાં વ્યાપ્ત છે. બોલવું, ચાલવું એ જડમાં રહેલી–પ્રસરેલી ક્રિયા છે. આનંદાદિ ગુણો છે તે અને તેની અવસ્થામાં દર્શન–જ્ઞાન–ચારિત્રની પરિણતિ છે તે તથા તેની સાથે રહેલી પુણ્ય–પાપની અવસ્થા છે તે આત્મામાં વ્યાપ્ત છે.

કેટલીક નિર્મળ ને કેટલીક મલિન પર્યાયો છે તેને આત્માએ ધારી રાખેલી છે. અહીં સાધકની વાત છે તેથી નિર્મળ તથા મલિન પર્યાયની વાત લીધી છે. આ ઝીણી વાત છે, ધીમ ધીમે સમજવું. પરદ્રવ્યથી નિરાળી વસ્તુ પોતે અનંત ગુણો ને નિર્મળ તથા મલિન એવી અનંત પર્યાયોનો સ્વામી એક દ્રવ્ય છે. આ આત્મા છે તે અનંત શક્તિરૂપી ધર્મ અને અનંત પર્યાયરૂપી ધર્મને ધારી રાખનારો છે. ધર્મ એટલે મોક્ષમાર્ગ એમ નહીં પણ મોક્ષમાર્ગની પર્યાય, રાગની પર્યાય તથા ગુણો તે આત્માના અનંતા ધર્મો છે કે જેને આત્માએ ધારી રાખ્યા છે.

આત્મામાં અનંતા ગુણો છે. આકાશના અનંત અનંત પ્રદેશો છે, તેનાથી અનંતગુણા આત્મામાં ગુણો છે તે તેના ધર્મો છે, તેનો સ્વામી પોતે છે, આત્મા છે. એ સ્વામીનો સ્વામી કોઈ ઈશ્વર નથી. આ કોઈ કથા–વાર્તા નથી, આ તો ભગવાન આત્માની ભાગવત્ કથા છે, જિનેન્દ્રદેવે કહેલી કથા છે. કહે છે કે જે પુણ્ય–પાપના ભાવ તેનો સ્વામી આત્મા છે, કેમ કે તેની પર્યાયમાં થાય છે.–પણ કોનો ?–કે જેને ભગવાન આત્માનું જ્ઞાન થયું છે એવા સમ્યગ્દ્રષ્ટિને જે રાગનો ભાગ બાકી છે તે પોતાની પર્યાયમાં થાય છે તેને તેનો અધિષ્ઠાતા કહ્યો છે, પણ જેને સમ્યગ્જ્ઞાન થયું

નથી ને એકલી વિકૃતદશા છે એ જીવની વાત નથી. વળી અહીં ધ્યેયની વાત નથી અહીં તો જ્ઞેયની વાત છે, વિકૃત અવસ્થાનો સ્વામી કહીને તેનું જ્ઞાન કરાવ્યું છે.

આ આત્મા નિશ્ચયથી ચૈતન્યસામાન્યથી વ્યાપ્ત અનંત ધર્મોનો સ્વામી છે. અનંતા ગુણો ને જે અનંતી વિકારી–અવિકારી પર્યાય છે તેનો અધિષ્ઠાતા આત્મા છે, જગતનો કોઈ ઈશ્વર અધિષ્ઠાતા છે કે આ આત્માનો અધિષ્ઠાતા અન્ય આત્મા છે એમ નથી પણ પોતે જ અનંત ગુણ–પર્યાયનો અધિષ્ઠાતા ઈશ્વર છે. આત્મા તો અનંત અનંત અનંત એવા અનંત ગુણો ને તેની પર્યાયોનો સ્વામી છે.

પૂછનારો એમ પૂછે છે કે મારો દેશ કયો છે? ને હું મને કેમ પ્રાપ્ત થાઉં?–તેને ઉત્તર કહેવાય છે કે અનંત ગુણો ને અનંતી પર્યાયનો સ્વામી એક આત્મદ્રવ્ય છે. અનંત ગુણ ને અનંતી પર્યાયનો સ્વામી એક દ્રવ્ય છે તેનું કારણ એ કે અનંત ધર્મોને એક–એક નય વડે જાણનાર જે અનંત નયો છે, તેમા વ્યાપનારું એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ છે; નયો અનંત છે તેમાં વ્યાપનારું શ્રુતજ્ઞાન પ્રમાણ એક છે. નય અનંત છે ને તેને જાણનારું પર્યાયમાં જે ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ થાય તે એક છે.

જે જ્ઞાનમાં આત્મા જણાય, ગુણો જણાય, વિકારી–અવિકારી પર્યાય જણાય એવું જે ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ પ્રમાણ તેના વડે સ્વાનુભવથી આત્મા જણાય છે. અનંત નયોમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાન પ્રમાણ તેના વડે આત્મા પ્રમેય થાય તેવો છે. અનંત ધર્મોનો સ્વામી એક દ્રવ્ય તે ભગવાન આત્મા છે અને તે કેમ પમાય? –કે અનંત ધર્મોને એક–એક ધર્મ વડે જાણનાર અનંતા નયો છે, તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન પ્રમાણ તેના વડે આત્મા સ્વાનુભવ પ્રત્યક્ષ જણાય–પમાય તેવો છે.

અનંત નયોને ધરનાર શ્રુતજ્ઞાન પ્રમાણ છે તે પર્યાય છે, પણ નય એક અંશ છે અને શ્રુતજ્ઞાન અંશી છે, આખા દ્રવ્યના હિસાબે તો શ્રુતજ્ઞાન પ્રમાણ પણ અંશ છે. એ ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ વડે આત્મા જણાય છે. રાગને જાણનારું, દ્રવ્યને જાણનારું ને ગુણ–પર્યાયને જાણનારું જે ભાવશ્રુતજ્ઞાન પ્રણામ તેના વડે આ આત્મા પ્રમેય થાય તેવો છે. શ્રુતજ્ઞાન પ્રમાણમાં દ્રવ્ય પણ જણાય, ગુણ પણ જણાય અને વિકારી–અવિકારી પર્યાયો પણ પ્રમેય થાય છે.

અનંત ધર્મોનું સ્વામી જે દ્રવ્ય તે નિર્મળ શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન વડે પ્રમેય થાય છે–જણાય છે. નિશ્ચયનયનો વિષય દ્રવ્ય, પણ પ્રમાણનો વિષય દ્રવ્ય–ગુણ–પર્યાય

ત્રણેય, એ ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ વડે અનંત ધર્મોમાં વ્યાપનારું એક આત્મદ્રવ્ય જણાય છે. પણ અરેરે ! જાણનારને જાણ્યો નહીં ને બહારના જાણપણામાં રોકાઈ ગયો.

વ્યવહારરત્નત્રયના રાગને જ્ઞાન જાણે પણ વ્યવહારરત્નત્રયના રાગ વડે આત્મા જણાય એવો નથી. પ્રભુ ! અંદરમાં સત્ છે ને ! દેહ–દેવળમાં ચૈતન્ય હીરલો પ્રભુ બિરાજમાન છે ને ! તેને શ્રુતજ્ઞાન પ્રમાણ જાણે છે. પ્રભુ ! તું અનંત ધર્મોને ધરનાર એવું દ્રવ્ય છો, જ્ઞાનની નિર્મળ પર્યાય જે ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ તે વડે પ્રમેય થાય એવો તું છો પણ વ્યવહારરત્નત્રયના રાગ વડે જણાય એવો નથી. ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ વડે સ્વાનુભવપૂર્વક આત્મા જણાય છે, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે, પણ એ પ્રમાણના નયો અનંત છે, પરંતુ અનંત શી રીતે કહેવા ? તેથી ૪૭–નયો વર્ણવીને કહેશે કે એવા અનંત નયો છે એમ જાણવું.

( ભગવતી પ્રજ્ઞાછીણી............પાનું ૧૯ થી ચાલુ )

હોવા છતાં વસ્તુ એકરૂપ છે, ત્રિકાળી શાશ્વત છે જેમાં જ્ઞાન લક્ષણ ઢળી ગયું છે તે ચૈતન્યવસ્તુ એકરૂપ છે, શાશ્વત છે, સર્વ કાળે શુદ્ધ છે. તથા સર્વ કાળે પ્રત્યક્ષ છે. અસંખ્યપ્રદેશી એકરૂપ છે, સર્વકાળે શાશ્વત છે, સર્વ કાળે શુદ્ધ છે ને સર્વ કાળે પ્રત્યક્ષ છે, કોણ ?–કે ચૈતન્યનું પૂર. સ્વ પરગ્રાહક જ્ઞાન ચૈતન્યપૂરને પકડીને તેમાં એકત્વ કરે છે તેનું નામ જીવવસ્તુને સાધે છે.

આમ પહેલાં નક્કી તો કરે કે આમ જ વસ્તુ પ્રાપ્ત થાય એમ છે, બાકી વ્રત–તપ –ભક્તિ–યાત્રાથી કે પૈસા ખર્ચવાથી વસ્તુ પ્રાપ્ત થાય એમ નથી. ત્રિકાળી ટકતી અસંખ્ય પ્રદેશી સર્વ કાળે શુદ્ધ વસ્તુ સર્વ કાળે પ્રત્યક્ષ છે એમ પહેલાં નક્કી કરવું. વસ્તુનું સ્વરૂપ જ પ્રત્યક્ષ છે, સ્વરૂપ પરોક્ષ હોઈ શકે જ નહીં.

આ બહુ સારી વાત આવી છે, આ તો હરખજમણ છે. કેવળજ્ઞાન ને કેવળદર્શનનું ધામ ભગવાન આત્મા છે, આનંદધામ, દર્શનધામ ચૈતન્યપુર છે.–એમ ચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ કરવી.

# બહેનશ્રીનાં વચનામૃત : એક અધ્યયન

પુસ્તકોમાં વાંચ્યું છે કે શ્રીકૃષ્ણની મુરલીનો નાદ જનગણને ઘેલો બનાવી મુકતો, તેનો એક એક સૂર મંત્રમુગ્ધ કરી દેતો. તે કથની જે હોય તે, પરંતુ તે ઉપમાની જેમ પૂ. બહેનશ્રીનું આ 'શાસ્ત્ર'-વચનામૃત તેનું ઘેલું લગાડે છે; તેનો એક એક શબ્દ મંત્રમુગ્ધ કરી દે છે, પાગલ બનાવી દે છે, ગાંડાતૂર કરી મૂકે છે. (જગતના ડાહ્યા લોકોને તેની પકડમાંથી ન છૂટનાર માણસ પાગલ દેખાય છે.) ખાતાં-પીતાં, ઊઠતાં-બેસતાં કે કોઈ પણ પ્રવૃત્તિ કરતાં જાદુગરના જાદુની જેમ તે શબ્દોનું ખેંચાણ તેની તરફ ને તેની તરફ ખેંચ્યા જ કરે છે. જો અર્થ વગરની શબ્દજાળ હોત તો આમ ન બનત; માત્ર અર્થ હોત તો વ્યક્તિ માત્ર ગંભીર બનત; પણ આ શબ્દ નથી, અર્થ નથી, આ તો છે યથાર્થ અનુભવનો નિચોડ!!

આ કોઈ છીછરાં નીર નથી. પરંતુ જેને શરીરનો રોગ મટાડવાનીયે ફુરસદ નથી, જે દુનિયામાં ક્યાંય રાગદ્વેષથી જોતાં નથી, જેને માટે સઘળું ચૈતન્યમય જ છે, તે ધીર, ગંભીર, ગહન અને સાગરસમ વિશાળ વ્યક્તિની પ્રતિભાની આ અભિવ્યક્તિ છે.-આ અભિવ્યક્તિને, પ્રતિભાને ઓળખી શકાય તો ઘણું; પામી શકાય તે કહેવું કઠિન છે.

હા, તે 'શાસ્ત્ર' જ છે. 'વચનામૃત'નાં વચનો ભલે કટકે કટકે કે ટુકડે ટુકડે-છીપનાં મોતીની જેમ-ઝિલાયાં હોય, પરંતુ સળંગ તાંતણે પરોવાતાં મોતીની માળા બની ગયા પછી જરૂર તે વચનો, વચનો ન રહેતાં, 'શાસ્ત્ર' બની જાય છે. તેને 'શાસ્ત્ર' કહેવામાં અત્યુક્તિ થતી નથી. આ શાસ્ત્રનું પઠન, અધ્યયન, મનન એક નહિં પણ અનેક વાર થાય તોપણ તેના ઘેરા નાદની અસરમાંથી મુક્ત નહિ થવાય; ઊલટું, વારંવાર તેની તરફ દોડી જવાય, ઊખડવાનું મન ન થાય-તેવી તેની ભારેખમ અસર છે. એક એક શબ્દમાં તેના સ્વભાવનું આગવું અદ્ભૂત વજન છે, તેની શક્તિ અણુમહાન છે, તેની ગંભીરતા મહાસાગરની છે. વારંવાર કહેવાનું મન થાય છે કે શબ્દોની અભિવ્યક્તિ યથાર્થતાની છે.

શૈલીની સરળતાની શી વાત કરવી ? ! અરે, કોસ હાંકતો કોશિયો વાંચે કે વિદ્વતા ધરાવતો પંડિત પઠન કરે-બન્ને સરખી અસર પામશે, કારણ કે સીધા સાદા માણસને ભાષાની ભભકની જરૂર નથી; તેને સમજાણું કે ‘વિભાવ છોડ, તારા આત્માની સાધના કર’ એટલે તરત જ આ હકીકતને હકીકત સમજી આગળ ચાલશે. અને વિદ્વત્તાપૂર્ણ વ્યક્તિને, વાંચતાં ખ્યાલ આવી જાય છે કે-આ શબ્દજાળ નથી, આમાં ભભકની જરૂર નથી; ભાષારૂપી છાલોતરાંને ફેંકી સીધો ટોપરાનો ગોળો અને તેની પાછળનું અમૃત-વારિ વચનામૃતમાં બતાવ્યું છે, ત્યાં ઉપમા કે વિશેષણોની જરૂર ક્યાં રહી ?

‘હે જીવ ! તને ક્યાંય ન ગમતું હોય તો.....આત્મામાં ગમાડ.’ જુઓ આ વાક્ય ! તેમાં રહેલા શબ્દોને કયા સંસ્કૃતની જરૂર ? સાદું, સરળ ને છતાંયે કાળજાની સોંસરવટ ઊતરી જનારું , થંભાવી દેનારું , વિચારમાં મૂકી દેનારું તેમનું કથન છે.

‘એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો.’ કેવું ટૂંકું ને ટચ, છતાં ગંભીર સત્ય સિદ્ધાંત સમજાવનારું, રુકાવટ, કરાવનારું વાક્ય ! તોફાની ઘોડો જેમ તેના માલિકની પ્રેમભરી હાકથી થંભી જાય, તેમ જીવો પ્રત્યેના કારુણ્યભાવથી કહેવાયેલાં એક એક વાક્ય વાંચતાં આ ચંચળ જીવને રાગમાં જતાં અટકી જવું પડે છે.-આટલા વાક્યની કેટલી સચોટતા !! માણસ પાસે આનો શો જવાબ ? શું તર્ક કરે કે શું વિતર્ક કરે ? આ મહાન સત્યને સમજાવવા માટે, શું તેમણે ઉપદેશ આપ્યો છે ? પાંડિત્યનો ભાર લાધ્યો છે ? બૌદ્ધિકતાના ચમકારા બતાવ્યા છે ? ના રે ના, આ તો ટૂંકાણમાં હકીકત કહી છે-સાદી અને સરળ રીતે યથાર્થ ભૂમિકાની.

સમગ્ર ‘વચનામૃત’ નું પઠન કરો. કયો શબ્દ વધારાનો છે ? અરે કયા શબ્દની ત્રુટી છે ? શોધી તો આપો ! કયો શબ્દ અર્થસભર નથી ? કયા શબ્દો માનવીને જગાડનાર નાદના સાદના નથી ? અરે, એ તો બંસરીની સૂરાવલીનો સાદ છે. એક એક શબ્દ એક એક સૂર છે અને એક એક સૂર આત્માને-ઘોર નિદ્રામાં પડેલા આત્માને-આળસ ખંખેરાવી ઊભો કરે છે. તેના સતત મંથને માણસની તાકાત નથી કે ફરી નિદ્રાધીન થાય. એક વાર નહિ, બે વાર નહિ, અનેક વાર વાંચો; વાંચો ને વિચારો; રોમ-રોમમાં જાગૃતિ આવશે, બેઠાં થઈ જવાશે. આળસની પળ પર, તમારી જાત પર, તમને જ અણગમો આવશે. એ-મય થવા તમારું મન, હૃદય, બુદ્ધિ તડપ્યા

કરશે. સાહજિકતાની ભૂમિમાં પ્રવેશવા તરફડાટ જાગશે. કનકસમ વચનામૃતની સાદી, સરળ, સચોટ, વાણીનો આ પ્રભાવ છે.

વચનામૃતના વાંચનથી મતિ સ્થિર થવા પ્રયત્ન કરશે, તર્કો શમવા માડશે. વારંવાર કહું છું કે તર્ક-વિતર્કને અહીં કોઈ સ્થાન નથી, કારણ કે આ કોઈ શબ્દજાળ નથી. આ તો અનુભવના અગોચરની ફલશ્રુતિ છે. સિદ્ધભગવાનની વાત કરતાં પૂ. બહેનશ્રી કહે છેઃ “સિદ્ધભગવાનને પ્રગટેલી શાંતિની તો શી વાત! તેમને તો જાણે શાંતિનો સાગર ઊછળી રહ્યો હોય એવી અમાપ શાંતિ હોય છે; જાણે આનંદનો સમુદ્ર હિલોળા લઇ રહ્યો હોય એવો અપાર આનંદ હોય છે.” આનંદના સમુદ્રને હિલોળા લેતો કલ્પીને કોણ એવો પામર આત્મા હોય કે આવી વાત સાંભળવા, ભલે એક દિવસ નહિ, કલાક નહિ, તો માત્ર પળ પણ ન અટકે? નરી મૂઢતામાં પડેલા માણસને પણ આ વાક્ય છેવટ એક ક્ષણ તો જગાડી દે જ તો! જેને રુચિ જાગી હોય, જેને ઝંખના લાગી હોય, તે તો જરૂર હલી જાય, તે-મય થઈ જાય.

વચનામૃતનું એક એક વાક્ય, એક એક શબ્દ અને તેની પાછળ રહેલો અર્થ -હકીકત હ્રદયરૂપી આરસ પર કોતરાઈ જાય છે. નક્કર સત્યને સ્થળનાં કે કાળનાં બંધન નડતાં નથી. આ સત્યને કાટ લાગવાનો નથી. તેની ધાર તીક્ષ્ણ જ રહેવાની; તેને ઘસવાની ક્યારેય જરૂર પડવાની નથી. ત્રણ કાળ, ત્રણ લોકમાં હજારો વર્ષ શું, લાખો વર્ષ શું, પરંતુ જ્યાં સુધી અસ્તિત્વ છે ત્યાં સુધી વચનામૃત સ્થાયી છે, સ્થિર છે,-ચળકાટવાળું, તેવું ને તેવું ઝળહળતું, કાયમી અને યથાર્થ છે!!!

તેમાં વસેલા આત્માની ભૂમિકા કલ્પવી તે પામર જીવનું કાર્ય નથી; તેને તેવો આત્મા જ ઓળખી શકે અને સમજી શકે. થઈ શકે તેવું તો માત્ર તેટલું જ છે કે તેમને કોટિ કોટિ વંદન હો!!

-કુ. અસ્મિતા લખુભાઈ ભલાણી, બોટાદ

# જ્ઞા..ન......ગો..ષ્ઠી

## ( પૂજ્ય ગુરુદેવશ્રીની રાત્રિચર્ચા તથા સહજ ઉદ્‌ગારો )

ડો. ગાંગુલી : વ્રત–તપ–ત્યાગ કરવાથી આત્માના ઉપરની છાલ–મેલ નીકળી જાય છે ને ?

પૂ. ગુરુદેવશ્રી : ના, એ તો રાગ છે, એ વ્રત–તપ આદિના રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે; ગુન્હો છે, ભ્રમણા છે.

ડો. ગાંગુલી : તો સાધારણ જીવોને એ વ્રતાદિ કરવા તો ઠીક છે ને !

પૂ. ગુરુદેવશ્રી : નહિ, સાધારણને પણ એ વ્રતાદિથી ધર્મ નથી, એનાથી જન્મમરણનો અંત આવતો નથી, તેમાં લાભબુદ્ધિથી જન્મ–મરણ વધે છે.

ડો. ગાંગુલી : વ્રતાદિથી જન્મ–મરણ વધે છે ?

પૂ. ગુરુદેવ : હા; આત્મા કોણ છે ને શું કરી શકે છે, એનું સ્વરૂપ શું છે એ સમજવાનો અભ્યાસ પહેલા કરીને આત્મજ્ઞાન થાય પછી વ્રતાદિનો વિકલ્પ આવે છે. આત્માને સમજ્યા વિના વ્રતાદિ ક્રિયા લાભ બુદ્ધિથી કરવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. અમે પણ પહેલાં એવી ક્રિયા ૧૫–૨૦ વર્ષ ઘણી કરી હતી પણ એ બધી રાગની ક્રિયા હતી.

ડો. ગાગુંલી : આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને ?

પૂ. ગુરુદેવશ્રી : જલ્દીનો અર્થ–એનો અભ્યાસ કરવો જોઈએ, રાગ શું છે ? આત્મા શું છે ? હું કાયમી ટકનાર ચીજ કેવી છું ? વિગેરે અભ્યાસ કરી, જ્ઞાન કરી, રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્યતેજનો પૂંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય, અંદર દશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ.

ડો. ગાંગુલી : સમ્યગ્દર્શન થયા પછી તો સાધુસંન્યાસી થવું પડે ને ?

પૂ. ગુરુદેવશ્રી : સમ્યગ્દર્શન તો પહેલા કરે ! પછી સાધુ કેમ થવાય એની બધી ખબર પડે ! સમ્યગ્દર્શન પછી અંદરમાં આનંદની ભરતી આવે છે, અતીન્દ્રિય આનંદની ભરતી આવે છે. જેમ સમુદ્રમાં પાણીની ભરતી આવે છે તેમ મુનિદશામાં અંદર આનંદની ભરતી આવે છે તેને મુનિદશા કહે છે.

પ્રશ્નઃ–આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

ઉત્તરઃ–અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં કહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?–દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.–એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાય ને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.

પ્રશ્નઃ–પંચાસ્તિકાયની ૧૭૨ મી ગાથામાં તો એમ કહ્યું છે કે ભિન્ન સાધ્યસાધનરૂપ વ્યવહારને ન માને તો મિથ્યાદ્રષ્ટિ છે–તેનો અર્થ શું છે?

ઉત્તરઃ–સાધક અવસ્થામાં શુદ્ધતાના અંશની સાથે ભૂમિકા પ્રમાણે શુભરાગ પણ આવે છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે, અને ઉપચારથી તે રાગને વ્યવહાર સાધન કહ્યું છે. તે વ્યવહારનાં આશ્રયે નિશ્ચય પમાય એવો તેનો આશય નથી પણ સાધકને તે બંને સાધન એક સાથે વર્તે છે તેનું જ્ઞાન કરાવવા માટે તે કથન છે. સાધકને તે બંને વર્તે છે એમ ન માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે એમ સમજવું, પણ રાગાદિ વ્યવહારસાધનના અવલંબનથી નિશ્ચયસાધન પમાઈ જશે એમ ન સમજવું.

પ્રવચનસાર ગાથા ૧૭૨ માં અલિંગગ્રહણના ૯ માં બોલમાં ઉપયોગ પર વડે હણાતો નથી તેમ વાત આવી. તેમાં પર વડે તો ઉપયોગનું હરણ અર્થાત્ નાશ થતો નથી પણ મુનિને ચારિત્રદશા હોય ને પછી તે સ્વર્ગમાં જાય છે ત્યાં ચારિત્રદશા નાશ પામે છે તોપણ સ્વના લક્ષે જે ઉપયોગ થયો છે તે નાશ પામતો નથી, હણાતો નથી. સ્વના લક્ષે ઉપયોગ થયો છે તે તો અપ્રતિહત થયો છે, નાશ પામતો નથી.

* ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નથી. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી–એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ ધન સ્ત્રી પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું–એમ જોર આવવું જોઈએ.

પ્રશ્નઃ–હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે ?

ઉત્તરઃ–જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારનાં સંસારના પ્રસગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ.

* અગીયાર અંગ ને નવ પૂર્વની લબ્ધિ થાય એ જ્ઞાન પણ ખંડખંડ જ્ઞાન છે, આત્માનું જ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે, ઇન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ. આંખથી હજારો શાસ્ત્રો વાચ્યા કે કાનથી સાંભળ્યાં તે ઇન્દ્રિયજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી. આત્મા અતીન્દ્રિયજ્ઞાનથી જાણનારો છે, ઇન્દ્રિયજ્ઞાનથી જાણે તે આત્મા નહિ. આત્માને જાણતા જે આનંદનો સ્વાદ આવે છે તે સ્વાદ ઇન્દ્રિયજ્ઞાનથી આવતો નથી તેથી ઇન્દ્રિયજ્ઞાન તે આત્મા નહિ.

* આત્મા વિશ્વનો પ્રકાશક છે, જાણનાર છે. રાગ આવે છે તેનો પણ જાણનાર છે. શું શું એની શૈલી છે! આહાહા! શરીર–મન–વાણીને આત્મા કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. શુભરાગને પણ આત્મા કરે નહિ, કરાવે નહિ, અનુમોદે નહિ આહાહા! આવી વસ્તુ સ્થિતિ છે.

* આત્મા અજાયબઘર છે. એમાં જ્ઞાન ને આનંદના અનંતા ઓરડા ભર્યા છે કે જેમાંથી જ્ઞાન ને આનંદ કાઢયા જ કરે તોપણ ખૂટે નહિ એવો અજાયબઘર આત્મા છે, એનો અંતરથી મહિમા....મહિમા આવવો જોઈએ.

# વૈરાગ્ય સમાચાર

* રાજકોટનિવાસી સમજુબેન જેચંદભાઈ તુરખીયા ( વર્ષ ૭૩ ) તા. ૨૩-૧૨-૭૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૩૫ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેવા અવારનવાર સોનગઢ આવતા હતા. તેઓને વીતરાગી દેવગુરુધર્મ તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેઓ આત્મસંસ્કારના બળે આત્મોન્નતિ પામે એવી ભાવના.

* મુંબઈ નિવાસી શ્રી પ્રફુલ્લચંદ વીકમચંદ સંઘવી ( વર્ષ ૫૮ ) તા ૧-૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી પ્રવચનોનો લાભ લેતા હતા, તેમને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેમનો આત્મા વીતરાગી દેવ-ગુરુ-ધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામે એવી ભાવના.

* ફતેપુરનિવાસી શ્રીમતી નાલીબેન છોટાલાલ મહેતા ( વર્ષ ૭૮ ) માગશર વદી ૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ફતેપુરના પંચકલ્યાણક મહોત્સવમાં તેમણે ઉમંગભર લાભ લીધો હતો. તેઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રતિ તેમ જ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઘણો ભક્તિભાવ હતો. સત્ દેવ-ગુરુ-ધર્મના શરણે પ્રાપ્ત કરેલા સંસ્કારબળ વડે આત્મકલ્યાણ પામે એવી ભાવના.

* વઢવાણનિવાસી શ્રી રતિભાઈ હોલકર ( વર્ષ ૭૦ લગભગ ) તા. ૭-૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષ સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીની સેવાનો તેમ જ ભવતાપહારિણી વાણીનો લાભ લીધો હતો. સત્ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે તેમને અત્યંત ભક્તિ હતી. સંત્સંગ દ્વારા મેળવેલા આત્મ-સંસ્કારબળે સદ્ગત આત્મોન્નતિ પામે એવી ભાવના.

* ગઢડાનિવાસી શ્રી ભીખાલાલ વર્ધમાન કામદાર ( વર્ષ ૭૦ ) તા. ૮-૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા, તેમને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણી ભક્તિ હતી. સદ્ગત આત્મોન્નતિ પામે એવી ભાવના.

* જામનગરનિવાસી શ્રી કેશવલાલ દેવચંદભાઈ વસા તા. ૧૦-૧-૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢમાં આવીને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લેતા હતા. તેમને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ તથા પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઘણી ભક્તિ હતી. સત્ ધર્મનું શરણ પામી સદ્ગત આત્મકલ્યાણ પામે એવી ભાવના.

* વિંછીઆનિવાસી શ્રી અમરચંદભાઈ તથા હિંમતલાલ વાલજીભાઈ ડગલીના માતુશ્રી મણીબેન (વર્ષ ૯૦) તા. ૧૧–૧–૭૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ લગભગ ૫૦–૫૫ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો લાભ લેતા હતા, તેઓ ઉલ્લાસપૂર્વક ધાર્મિક વચનો શ્રવણ કરતા હતા અને આત્મિકભાવના ઘૂંટતા ઘૂંટતા શુદ્ધિ પૂર્વક દેહ છોડયો હતો, તેમને વીતરાગી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અત્યંત ભક્તિ હતી. વીતરાગમાર્ગના સંસ્કારબળે આત્મકલ્યાણ પામે એવી ભાવના.

---

**સૂચના:-**

ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને નાયરોબીનિવાસી ગં. સ્વ. શ્રી ગંગાબેન પ્રેમચંદ શાહના સુપુત્રો તરફથી 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક ભેટ આપવામાં આવશે. આત્મધર્મ–કાર્યાલય (સોગનઢ) માંથી આ ભેટ પુસ્તક મળશે. ભેટ–કુપનમાં પૂરી વિગત ભરીને કાર્યાલયમાંથી આ પુસ્તક રૂબરૂ મેળવી લેવું. ટપાલ દ્વારા પુસ્તક મંગાવવા ઈચ્છતા ગ્રાહકોએ રજીસ્ટર્ડ પોસ્ટથી મંગાવવા રૂા. ૨–૫૦ ની પોસ્ટલસ્ટેમ્પ અથવા તો ઓર્ડીનરી પોસ્ટથી મંગાવવા માટે રૂા. ૦૦–૫૦ ની પોસ્ટલસ્ટેમ્પ કુપન સાથે કાર્યલયને મોકલી આપવી.

તા. ક :–'બહેનશ્રીનાં વચનામૃત' ભેટ પુસ્તક જેમને પોતાના ગામના મંડળ પાસેથી મેળવવું હોય તેમણે પોતાનું કુપન ગ્રાહકનંબર સાથે સહી કરીને મંડળના વ્યવસ્થાપકને આપવું. મંડળ જેટલાં કુપન સોનગઢ આત્મધર્મ કાર્યાલયને સોંપશે તેટલાં પુસ્તકો તે તે મંડળને મોકલવામાં આવશે. કુપન વગર મંડળને ભેટ પુસ્તક મોકલવામાં આવશે નહિ.

સાદા બુક પોસ્ટથી મોકલવામાં પોસ્ટમાં ગેરવલ્લે જવાની શક્યતા છે, માટે ઉપર પ્રમાણે યોજના કરેલ છે.

**સમાચાર:-**

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યાં છે. સવારે શ્રી કલશટીકા ઉપર તથા બપોરે અલિંગગ્રહણ, ૪૭ નયો, અવ્યક્તના છ બોલ નિયમસાર ગાથા–૩૮ આદિ વિશિષ્ટ વિષયો પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ રહસ્યોદ્ઘાટક પ્રવચનો ચાલી રહ્યાં છે.

*** પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ***

* મદ્રાસને આંગણે તા. ૪–૩–૭૮ થી તા. ૧૧–૩–૭૮ સુધી શ્રી જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાશે.

* કુરાવડ (જિલ્લો–ઉદેપુર, રાજસ્થાન) ના આંગણે વૈશાખ સુદ ૧૩ ના રોજ શ્રી જિનબિંબપંચકલ્યાણક પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાશે.

## ( બહેનશ્રીનાં વચનામૃત ટાઈટલ ૨ થી ચાલુ )

* તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.

* આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્‌ગલનો કે વાણીનો દેશ તેનો નથી. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને.

* પર્યાય પરની દ્રષ્ટિ છોડી દ્રવ્ય પર દ્રષ્ટિ દે તો માર્ગ મળે જ. જેને લાગી હોય તેને પુરુષાર્થ ઊપડયા વિના રહેતો જ નથી. અંદરથી કંટાળે, થાકે, ખરેખરનો થાકે, તો પાછો વળ્યા વિના રહે જ નહિ.

* કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાગ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ?

* આત્મા તો જાણનાર છે. આત્માની જ્ઞાતાધારને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નિરોગી ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.

* ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાંતનું જ્ઞાન કર તો તારી સાધના યર્થાથ થશે.

* નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે. એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ૠદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે.

* શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ઊગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડયો તો સંસાર ઊભો છે.

* જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલ –બુદ્ધિવાળા–આતુર હોય છે. અહો! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે.

# * આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો *

## ( સર્વજ્ઞદેવ પ્રણીત કરણાનુયોગમાંથી જાણવા યોગ્ય )

* જે લેશ્યામાં જીવ મરણ પામે છે તે જ લેશ્યામાં તે ઉત્પન્ન થાય એવો એકાંત નિયમ છે. ( શ્રી ધવલા પુસ્તક–૪, પાનું–૨૯૩ )

* તિર્યંચોની માફક મનુષ્યો જન્મ્યા પછી અંતઃમુહૂર્ત કાળમાં જ અણુવ્રતોને ગ્રહણ કરી શકતા નથી.

( શ્રી ધવલા પુસ્તક–૪, પાનું–૩૭૮ )

* અસંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોનું પ્રમાણ સાતસો કરોડ માત્ર છે.

( શ્રી ધવલા પુસ્તક–૫, પાનું–૨૭૬ )

* દર્શનમોહનીયનો ક્ષય કરનારા મનુષ્યો પ્રાય; અસંયમી રહે છે અને તે સંયમને પ્રાપ્ત થતાં પ્રાયઃ મહાવ્રતોને જ ધારણ કરે છે, અણુવ્રતો ધારણ કરતાં નથી.

( શ્રી ધવલા પુસ્તક–૫, પાનું–૨૭૭ )

* છ દ્રવ્યો અને નવ પદાર્થોના ઉપદેશનું નામ દેશના છે. તે દેશનાથી પરિણત આચાર્યાદિની પ્રાપ્તિ અને ઉપદિષ્ટ અર્થનું ગ્રહણ, ધારણ તથા વિચારણની શક્તિના સમાગમને દેશનાલબ્ધિ કહે છે.

( શ્રી ધવલા પુસ્તક–૬, પાનું–૨૦૪ )

* વિનય પૂર્વક ભણવામાં આવેલું શ્રુત જો કોઈ પણ પ્રકારે પ્રમાદથી વિસ્મૃત થઈ જાય તો બીજા ભવમાં તે ઉપસ્થિત થઈ જાય છે અને કેવળજ્ઞાનને પણ પ્રાપ્ત કરાવે છે.

( શ્રી ધવલા પુસ્તક–૯, પાનું–૨૫૯ )

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત : ૩૫૦૦